કિંમત ₹ ૫ માસિક

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૧૦૩ ● નવેમ્બર-૨૦૧૫




પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧



પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ.મોટા મહારાજ
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ.લાલજી મહારાજ ૧૦૮
શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

*His Holiness Acharya Maharaj*
*Shri Koshalendraprasadji Pande*

આપ સૌને સર્વાવતારી સર્વોપરી
અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ ભગવાન
શ્રી સ્વામિનારાયણ ભગવાનનો જે આશ્રય મળ્યો છે
તેનો મહિમા [illegible] સહિત [illegible]
[illegible] [illegible] જે [illegible] રહી [illegible]
મોક્ષમાર્ગમાં [illegible] [illegible]

માટે આવો આ દીપાવલીના પરમ
[illegible] [illegible] [illegible] પૂર્ણ [illegible] આપણે શ્રી હરિને
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] આ [illegible] [illegible] [illegible] જ રહે
તેમજ તમે તમારું સ્વરૂપ [illegible] [illegible]
શ્રી નરનારાયણદેવ [illegible] આપણે [illegible] [illegible] [illegible]
[illegible] [illegible]

આપ સૌને અમારા શ્રી નરનારાયણદેવના
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] દીપાવલીની શુભકામનાઓ સહિત
શુભાશીર્વાદ.

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રીકોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

પ.પૂ. મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

પ.પૂ. લાલજી મહારાજ
શ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

Shree Swaminarayan Mandir, Ahmedabad-1
Tel: 079 2212 3835

Shree Swaminarayan Bagh,
Ahmedabad-52
Tel: 079 2747 8070



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૯ ● અંક : ૧૦૩

નવેમ્બર-૨૦૧૫

(મૂળ વર્ષ ૪૭)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**

**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | પાંચ દેવોને પૂજવા | ૦૬ |
| ૦૪. | દિવાળીના નવલા દિવસોમાં ચાર સદ્‌ગુરુઓની સ્તુતિ દ્વારા શ્રીહરિના સ્વરૂપનું સર્વોપરિ જ્ઞાન | ૦૮ |
| ૦૫. | કલ્યાણની પ્રોમીસરી નોટ | ૧૦ |
| ૦૬. | પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના આશીર્વચનમાંથી | ૧૨ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મહામંત્ર | ૧૫ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૬ |
| ૦૯. | સત્સંગ બાલવાટિકા | ૧૮ |
| ૧૦. | ભક્તિ સુધા | ૨૧ |
| ૧૧. | પ્રશ્ન પેટી | ૨૫ |
| ૧૨. | સત્સંગ સમાચાર | ૨૬ |




શ્રી સ્વામિનારાયણ માસિકના સર્વે વાચકો સભ્યો અને લેખકો અને મેગેજીન સાથે સંકળાયેલા તમામ વ્હાલા ભક્તોને નૂતન વર્ષના હૃદયપૂર્વકના જયશ્રી સ્વામિનારાયણ.

આ નૂતન વર્ષ આપ સૌને ખૂબજ સુખાકારી, આરોગ્ય સર્વ પ્રકારે સારું રહે અને આપ સૌની ખૂબજ ઉન્નતિ પ્રગતિ થાય તે સાથે પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ પ્રત્યેની નિષ્ઠા ખૂબજ દ્રઢ થાય અને નિયમ, નિશ્ચય અને પક્ષનું બળ શિર સાટે રહે તેમજ શ્રીહરિના દિવ્ય કુળ એવા ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી પરત્વેની આપણી વફાદારી અને આત્મીયતામાં વિશેષ વૃધ્ધિ થાય તેવી પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

શ્રી સ્વામિનારાયણ માસિક છેલ્લા સાડાચાર દાયકા ઉપરાંતથી અવિરત આપ સૌ સમક્ષ સમયસર અને ફક્ત ને ફક્ત સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના જ લીલાચરિત્રો મહિમા-માહાત્મ્ય સભર લેખન સામગ્રી પિરસીને આપ સૌની સર્વોપરિ ઉપાસના દ્રઢ થાય તેવા પ્રયત્નો કરી રહ્યું છે. પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા પ્રેરણાથી આપણા સંતો-હરિભક્તો મેગેજીનની પ્રગતિ માટે ખૂબજ સુંદર પ્રયાસ કરે છે અને કરી રહ્યાં છે. તે સૌને અને સુંદર લેખન સામગ્રી પુરી પાડતા અમારા માનવંતા લેખકોને ખૂબખૂબ અભિનંદન.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ઓક્ટોબર-૨૦૧૫)



૪ હિંમતનગર, ગઢેડા અને ખેડ આદિ ગામોમાં પધરામણી.

૭થી ૨૦ **વિદેશ ધર્મયાત્રા** શિકાગો, જ્યોર્જીયા (અમેરિકા) શ્રી સ્વામિનારાયણ મંદિર પધરામણી. અને કેનેડા આઈ.એસ.એસ.ઓ. સંસ્થાપિત એડમિન્ટન નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૩ ચરાડવા (મૂળી દેશ) શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે પ.પૂ. લાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ૪૩ મો પ્રાકટ્યોત્સવ સંત-હરિભક્તોએ ધામધૂમથી ઉજવ્યો.

૨૫ શ્રી સ્વામિનારાયણ મંદિર લીમડી મુવાડા (પંચમહાલ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૬ શ્રી સ્વામિનારાયણ મંદિર હરિપર (મૂળીદેશ) ખાત મુહૂર્ત પ્રસંગે પધરામણી.

૨૭ શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલી (વાસણા) મહાપૂજા પ્રસંગે પધરામણી.

૨૮ ભાટ ગામે પ.ભ. ઘનશ્યામભાઈ પટેલ (મારૂસણાવાળા) ને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી. સોજા ગામે મહાપૂજા પ્રસંગે પધરામણી.

૨૯ શ્રી સ્વામિનારાયણ મંદિર બાવળા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

# પાંચ દેવોને પૂજવા



- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રી શ્લોક-૮૪ માં નિજાશ્રિત સમસ્તને આજ્ઞા લખી છે કે, વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી તથા સૂર્ય એ પાંચ દેવોને પૂજ્યપણે કરીને માનવા અને પૂજવા. શિક્ષાપત્રી ભાષ્યમાં શતાનંદ સ્વામી વિવેચન કરતા લખે છે કે, વિષ્ણુ જેમને પદ્મનાભ અથવા નારાયણ કહે છે તે શ્રી પુરુષોત્તમના આદ્ય અવતાર હોવાથી પૂજ્ય છે. શિવજી તે સર્વ ધર્મના પ્રવર્તક હોવાથી પૂજ્ય છે. ગણપતિજી વિષે બ્રહ્મવૈવર્તપુરાણમાં ગણપતિ ખંડમાં શ્રીકૃષ્ણના અંશાવતાર તરીકે કહ્યા છે તથા સર્વ દેવોમાં પ્રથમ પૂજ્ય તરીકે સ્થાપેલા હોવાથી પૂજ્ય છે. પ્રેમસ્વરૂપા પાર્વતી શિવજીના અર્ધાઙ્ગના હોવાથી પૂજ્ય છે. અને શ્રીકૃષ્ણ (ઈષ્ટદેવની) પ્રાપ્તિ કરાવવામાં સહાયક થવાથી પૂજ્ય છે. ભાગવતમાં લખ્યું છે કે, વ્રજને વિષે ગોપીઓએ તથા કુંદનપુરમાં રૂક્ષ્મણીએ ઈષ્ટદેવની પ્રાપ્તિ કરાવનાર પાર્વતી દેવીની પૂજા કરી હતી. સૂર્યદેવ દ્વિજાતિ પ્રાપ્ત કરાવનાર ગાયત્રી મંત્રના અધિષ્ઠાતા હોવાથી ભગવાનનું સ્વરૂપ છે. તથા વેદમૂર્તિ અને ધર્મની પ્રવૃત્તિના મૂળ છે તેથી પૂજ્ય છે. સ્વામી લખે છે કે, પાંચદેવના પૂજનથી અન્ય દેવનો આશ્રય થવાની શંકા કે ભય લાવવાનો અવકાશ નથી. તેમાં વૈષ્ણવોએ વિષ્ણુને પ્રધાન મુખ્ય રાખીને પાંચદેવોની પૂજા કરવી. ઈશાન ખૂણામાં શિવને, અગ્નિ ખૂણામાં ગણપતિજીને, નૈઋત્ય ખૂણામાં સૂર્યદેવને અને વાયવ્ય ખૂણામાં પાર્વતી દેવીને રાખવા. શૈવ ઉપાસક મધ્યમાં શિવજીને રાખે. દેવી ઉપાસક દેવીને પ્રધાન રાખે. જે તે ઉપાસક ઉપાસ્યને પ્રધાન રાખે.

પાંચ દેવોની પૂજાથી અન્ય સર્વ દેવોની પૂજા આવી જાય છે. વેદપુરાણોમાં પાંચ દેવોની પૂજાને પ્રધાનતા આપી છે. તેના અન્ય પણ ઘણા કારણો શાસ્ત્રોમાં જણાવ્યા છે. પાંચ દેવો એટલે મુખ્ય પાંચ તત્વો સાથે સરખાવ્યા છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ આ પાંચ તત્વોનું બ્રહ્માંડ આપણું શરીર છે. પાંચ તત્વોની પૂજા અવશ્ય કરવી જોઈએ. પાંચ તત્વોના અધિષ્ઠાતા પાંચ દેવો છે. આકાશના અધિષ્ઠાતા ભગવાન વિષ્ણુ છે. વાયુ તત્વના અધિષ્ઠાતા સૂર્યનારાયણદેવ છે. અગ્નિ તત્વના અધિષ્ઠાત્રી જગદમ્બા પાર્વતી દેવી છે. જળ તત્વના અધિષ્ઠાતા ગજાનન ગણેશજી મહારાજ છે. અને પૃથ્વી તત્વના અધિષ્ઠાતા ભોળાનાથ ભગવાન સદાશિવ છે.

બ્રહ્માંડમાં અને શરીરમાં પાંચ તત્વોનું ન્યુનાધિક પ્રમાણ પિણ્ડ બનાવવામાં આવ્યો છે. તેમાંનું તત્વોનું સમતુલન સ્થિતિ બગડે ત્યારે દેહમાં મહામારી દર્દ અને બ્રહ્માંડમાં પ્રલયકારક પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે. એટલે આપણા પૂર્વજ ઋષિઓએ પાંચદેવોને પૂજવાના તહેવારો ઉત્સવો દિવસો નક્કી કર્યા છે. જ્યારે જ્યારે જે તે દેવથી પ્રભાવિત બ્રહ્માંડનું વાતાવરણ હોય ત્યારે ત્યારે તે તે દેવોનું પૂજન આરાધના કરવાની પરંપરા ચલાવી છે. જેમ કે, ભાદરવામાં ગણેશજીની આરાધના, આસો માસમાં દેવીની પૂજા આરાધના, શ્રાવણ માસમાં શિવજીની પૂજા આરાધના, પ્રત્યેક એકાદશીમાં વિષ્ણુની પૂજા આરાધના અને માઘ માસમાં સૂર્યની પૂજા આરાધના કરવામાં આવે છે.

પાંચ દેવોનું પૂજન પાંચેય સંપ્રદાય : વૈષ્ણવ, શૈવ, શાક્ત, સૌર, ગાણપત્યના આશ્રિતોએ અનુસરણ કરવાની આજ્ઞા પુરાણોમાં કરી છે. પાંચ દેવોનું પૂજન કરવાથી પોતાના નિજ ઈષ્ટદેવનો અપરાધ કે અન્યાશ્રય થતો નથી.

બ્રહ્માંડ જેમ પાંચ તત્વોથી નિર્મિત છે તેમ જગત સંસાર પણ ત્રણ સત્ય રજ તમ ગુણ મયી માયાનો વિસ્તાર છે. જગતમાં ભેદ અને મમત્વ કરાવનારી ભગવાનની માયામાં ત્રણ ગુણનું સંમિશ્રણ રહ્યું છે. ત્રણ ગુણનો વ્યાસ



બને છે. જેમાં પૃથ્વી તત્વ પ્રધાન હોય તેમાં તામસી પ્રકૃતિ વાળો હોય છે.

આયુર્વેદમાં ઉપરોક્ત પ્રકૃતિને ત્રણ ગુણોના નામ વાત, પિત્ત અને કફ રાખ્યા છે. તેવી વ્યક્તિ તેવા પ્રકારના રોગથી ગ્રસ્ત બને છે. એટલે આપણા શાસ્ત્રકારોએ આપણા શરીરમાં રહેલા તથા આપણી આજુબાજુ ફેલાયેલા પાંચ તત્વોની સમતુલાના શુભ આશયથી મનુષ્યના આધ્યાત્મિક અને શારીરિક સામસ્યાના નિરાકરણના હેતુથી સાધકને તેને નિમિત્તના દેવોની પૂજા આરાધના કરવાની પ્રણાલિકા ચલાવી છે. જેની ખૂબજ

વિસ્તાર એજ પંચમહાભૂત છે. જેમ શુદ્ધ સત્વગુણી આકાશ, સત્વ રજના સંમિક્ષણ વાયુ, શુધ્ધ રજ - અગ્નિ, રજ-તમ સંમિશ્રણ જળ. શુધ્ધ તમ-પૃથ્વી એટલે આમાં પૃથ્વી આકાશ અગ્નિ આ ત્રણ તત્વ વિશુધ્ધ છે. જે સત્વ રજ તમ ના પ્રતિક છે. વાયુ અને જળ બે તત્વના મિશ્રણથી ઉત્પન્ન થયેલ છે. સત્વ અને તમ એક બીજાના પ્રતિકુળ હોવાથી અગ્નિ અને જળ બન્ને એક સાથે રહેવા સંભવ નથી.

ત્રણ ગુણના રહસ્ય રૂપી પાંચ તાત્વિક ભેદ બનાવવામાં આવ્યા છે. આ પ્રમાણે માનવ શરીરમાં ગુણોથી મુક્ત તારતમ્યથી પાંચ ભેદ જોવા મળે છે. એટલે પાંચ પ્રકારના સ્વભાવ બન્યા છે. તે પ્રમાણે પ્રત્યેક વસ્તુઓ પાંચ તત્વોના મિશ્રણથી બને છે. તેમાં જે જે તત્વની પ્રધાનતા હોય તેમાં તે તે ગુણ સ્વભાવથી પ્રભાવિત થાય છે. સાધારણ રીતે પ્રત્યેક શરીર અને વસ્તુ ત્રણ ગુણ અને પાંચ તત્વોથી બનેલી છે. પરન્તુ જે વસ્તુ કે શરીરમાં તત્વોની માત્રા અધિક હોય તો તે વ્યક્તિ અને વસ્તુનો સ્વભાવ જે તે તત્વોને પ્રભાવિત સ્વભાવ ગુણ જોવા મળે છે. જે વ્યક્તિમાં આકાશ ગુણ વધુ માત્રામાં હોય તો તે સત્વગુણી જોવા મળે. જેમાં વાયુ તત્વનો વધુ પ્રભાવ હોય તો સત્વ અને રજ બન્ને ગુણોની પ્રકૃતિવાળો

આવશ્યકતા છે. આ એક પ્રકારની ઔષધીના સ્વરૂપે પણ પૂજા, આરાધના, જપ હોમ, પુરઃશ્ચરણ કરવું ખૂબજ લાભદાયક છે. એટલે આપણા સૌના હિતને અર્થે આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ વૈદિક પરંપરાના પાંચ દેવોને પૂજવાની આજ્ઞા કરી છે. ઈષ્ટદેવની ઉપાસનાની સિદ્ધિને અર્થે પાંચ દેવોની પૂજા સહાયક છે.

સત્સંગિજીવનમાં લખ્યું છે કે ભંકોડા ગામના ક્ષત્રિય ભક્તોએ નવરાત્રીના પર્વમાં શ્રીજી મહારાજને પૂછ્યું કે અમારી કુળદેવીની પૂજા કરવી કે નહીં ? ત્યારે શ્રીહરિએ કહ્યું કે સાત્વિક પાર્વતી, લક્ષ્મી, રાધા દેવીની પૂજા કરવી. પરંતુ જે દેવીઓની પાસે હિંસા થતી હોય તેની પૂજા ન કરવી.

સનાતન હિન્દુ ધર્મમાં માનવામાં આવતા સમસ્ત દેવ-દેવીઓ પાંચ મુખ્ય દેવોના અવતાર તથા અંશ છે. તેથી બધાજ દેવો દેવીને પૂજ્યા ગણાય.

ઈષ્ટદેવની ઉપાસનાનુ બળ અતિશે રાખવું તેની સાથે સાથે ઈષ્ટદેવની આજ્ઞા અનુસાર પંચદેવોને પૂજવા. આજ્ઞામાં પોતાની બુદ્ધિ હોંશિયારી તર્ક કે અહ્મનો ઉપયોગ ના કરવો. માત્ર વચને કરીને અનુસરણ કરવું.

# દિવાળીના નવલા દિવસોમાં ચાર સદ્‌ગુરુઓની સ્તુતિ દ્વારા શ્રીહરિના સ્વરૂપનું સર્વોપરિ જ્ઞાન



સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

ભગવાનના ભક્તો માટે દિવાળીનું પર્વ એટલે અંતઃકરણમાં જે કંઈ અજ્ઞાન રૂપી અંધારુ રહ્યું હોય તેનો આત્મા-પરમાત્માના યથાર્થ જ્ઞાન દ્વારા નાશ કરી, જ્ઞાનરૂપી દીવડો પ્રગટાવી અજવાળું પાથરવાનું પ્રકાશ પર્વ. સર્વાવતારી શ્રીહરિએ આદરજ ગામમાં મુક્તાનંદમુનિ, નિત્યાનંદમુનિ, બ્રહ્માનંદમુનિ તથા શ્યામળિયા ચૈતન્યાનંદમુનિ એમ ચાર સંતોને મુખ્ય સદ્‌ગુરુઓનું પદ આપીને તેઓનું સન્માન કરેલ. જીવાત્માને શ્રીહરિના સ્વરૂપનું સાચું જ્ઞાન કરાવી શકે તેવા હેતુથી શ્રીહરિ અક્ષરધામના મુક્તોને સાથે લઈને જ પૃથ્વી પર પધારેલા. આવા મુક્ત સંત પુરુષો જ્યારે પોતાના મુખેથી શ્રીહરિની સ્તુતિ કરતા હોય ત્યારે તેના સંક્ષિપ્તરૂપમાં કેટલાક સ્તુતિ વચનોનું આ લેખમાં સ્મરણ કરીએ, જેથી આપણા જીવનમાં શ્રીહરિનું સ્વરૂપ ઓળખાવતો જ્ઞાનરૂપી દીવડો સદાય પ્રજવલિત રહે.

હિંદુ સંસ્કૃતિમાં ધનતેરશથી શરૂ કરી ભાઈ બીજ સુધી પાંચ દિવસ દિવાળીનું પર્વ મનાવવામાં આવે છે. આદરજમાં ઉપરોક્ત ચાર સદ્‌ગુરુઓએ આસો વદ ચૌદશ (કાળી ચૌદશ)ની સવારની સભામાં શ્રીહરિની આ સ્તુતિ કરેલી છે. જેનું આલેખન સત્સંગિભૂષણ ચતુર્થ અંશના અધ્યાય-૨૨ માં વિસ્તારથી સ.ગુ. બ્ર. શ્રી વાસુદેવાનંદવર્ણીએ કરેલું છે. સદ્‌ગુરુઓ કહે છે હે સર્વેશ્વર શ્રીહરિ ! તમે તમારા ભક્તોના અમંગળને નાશ કરો છો. અમારા ત્રિવિધ તાપોને હરનારા છો. હે પ્રભુ ! તમે રંકને મહાન બનાવો છો અને મોટા દેવને રંક બનાવો છો. આકાશમાં આધાર વિનાનું અપાર જળ તમે જ રાખેલું છે. હે કૃપાનાથ ! અમારે તો **સર્વના કારણ અને સર્વેશ્વર** એવા આપ જ સર્વ શ્રેષ્ઠ ઈષ્ટદેવ છો. હે શ્રીહરિ ! જગતની માતા લક્ષ્મીજી આપના ચરણકમળ પોતાના ખોળામાં લઈ તેનું સેવન કરે છે. એવા હે પ્રભુ ! તમે અમારા હૃદયમાં નિત્ય નિવાસ કરો.

હે વાસુદેવ શ્રીહરિ ! **તમે સર્વેશ્વર સર્વાવતારી છો.** ગર્વ રહિત છો, ત્રિકાલ જાણનારા છો. **કાળના કાળ મહાકાળના પણ નિયંતા છો. જીવ, માયા અને પુરુષના સ્વામી છો. ત્રિગુણાતીત છો.** આપના દિવ્ય અક્ષરધામમાં સદા વિરાજમાન છો. જેને પ્રાપ્ત કરવા મુનિઓ બ્રહ્મચર્યનું પાલન કરે છે તે આપ જ સ્વયં છો. હે શ્રીહરિ ! તમારા આપેલ સામર્થ્યથી આ પૃથ્વી સર્વભુત પ્રાણીમાત્રનો ભાર સદા ધારણ કરે છે. કાળે કરીને નાશ પામેલા એકાંતિક ધર્મનું આ ભૂમિ ઉપર આપે ફરી સ્થાપન કર્યુ છે. એવા હે પ્રભુ ! આપનો જય થાઓ.

જે મહાપુરુષને વેદાદિક શાસ્ત્રો પરમાત્મા કહે છે. ઈશ્વરાવતાર કહે છે. મુક્ત પુરુષ કહે છે. નિર્વિકાર અને પ્રકૃતિથી પર કહે છે, નારાયણ કહે છે, માયાથી અલિપ્ત કહે છે, બ્રહ્મસ્વરૂપ કહે છે, **એવા મહાપુરુષને પણ ઐશ્વર્ય શક્તિ અને સામર્થ આપનાર તો તમે જ છો.** તેથી જ તે પ્રલયના અંતે પોતાની પત્ની મૂળ માયા દ્વારા પ્રકૃતિ પુરુષની અનંત કોટિઓ સર્જે છે. **મૂળ માયાના પતિ મહાપુરુષને પણ ફળપ્રદાતા તો આપ જ છો.** હે અક્ષરેશ! આપ કામાદિક અંતઃશત્રુઓનો પરાજય કરનારા છો. દેવો અને દાનવોના આદર પાત્ર છો. બ્રાહ્મણો દ્વારા પૂજાયેલા છો. તમારા ભક્તોના દોષના નાશ કરનારા છો. વેદ માર્ગના પ્રવર્તક છો. હે ભક્તિનંદન ! આપ અપરિમિત સામર્થ્યવાળા તથા ઉત્તમ કીર્તિવાળા છો. જેમના જમણા હાથમાં સર્વોતમ મુક્તિ રહેલી છે અને પ્રલય વખતે જીવોના શુભ અશુભ કર્મોના જે રક્ષક છે એવા એ ધર્મપુત્ર! અમે આપને નમસ્કાર કરીએ છીએ.


ઘણા નામ અને રૂપવાળુ પ્રત્યક્ષ દેખાતું ત્રિગુણાત્મક આ વિશ્વ મિથ્યા છે છતાં પણ તમારી માયાને કારણે સત્ય જેવું જ દેખાય છે. તમારી માયાથી સંસારમાં બંધાયેલો જન સમૂહ સુખ શાંતિ પ્રદાતા એવા આપનું સ્મરણ નથી કરી શકતો. આવી બળવાન માયાવાળા હે પ્રભુ ! તમે અમારા ઉપર પ્રસન્ન થાઓ. હે મંગળદાયક મહાપ્રભુ ! **અગ્નિની નાનકડી ચીનગારી રૂના મોટા ઢગલાને બાળી દે છે તેમ કોઈ મનુષ્યે અજાણે લીધેલું તમારું નામ તેના અનેક જન્મોના મોટા પાપ સમૂહને ભસ્મ કરી નાખે છે. હે મુકુંદ ભગવાન !** મુનિઓ શ્રવણ માત્રથી જ કર્ણ પ્રિય લાગે એવા સામવેદના અનેક મંત્રો વડે આપનું જ ગાન કરે છે. બ્રહ્માંડની અંદર તેમજ બહાર રહેલા વાસુદેવાદિક બહુ મૂર્તિઓવાળા તથા ગોલોક ધામમાં ક્રીડા કરતા એવા હે કૃપાનાથ ! અગાઉ તમે વારાહાદિક કેટલાક અવતારો ધારણ કર્યા હતા. વળી કલ્કિ આદિક કેટલાક અવતાર ધારણ કરશો અને હાલ પણ કેટલાક અવતાર ધારણ કર્યા છે તે બધામાં **સર્વ અવતારોના કારણરૂપ તમારો આ હરિકૃષ્ણ અવતાર સર્વોપરી છે.**

બીજા દિવસે એટલે કે દિવાળીના દિવસે સવારની સભામાં સ્વયં શ્રીહરિના મુખેથી જે અમૃત વચનો ઉચ્ચારાયેલા છે તેનું આચમન પણ આપણા માટે એટલું જ હિતકર છે. ભગવાન શ્રીહરિ કહે છે - હે ભક્તો ! આપણું આ શરીર પંચભૂતોનું બનેલું છે. તે શરીર અનુક્રમે બાળ, યુવાન અને વૃદ્ધ થાય છે. આ શરીરમાં મજ્જા, મેદ, નાડિઓ, સ્નાયુ, ત્વચા, હાડકાં, આંતરડાં, મળ, રુધિર, મૂત્ર, શ્લેષ્મા અને માંસ સિવાય કંઈ જ નથી. **મારો આ દેહ, આજે, કાલે, વર્ષે બે-પાંચ વર્ષે કે સો વર્ષે કાળના બળવાન પ્રવાહમાં જરૂર નાશ પામશે એ વિચારનું સતત અનુસંધાન રાખવું.** વળી આ બ્રહ્માંડમાં પ્રકૃતિજન્ય જે કાર્ય દેખાય છે તે પણ કાળના વેગમાં નાશ પામશે. પરંતુ આ દેહમાં રહેલો મારો આત્મા કદી નાશ નહિ પામે. કારણ કે **આત્મા અમર છે. અચળ છે. ઈન્દ્રિયો અને અંતઃકરણનો પ્રકાશક છે. અવિકારી છે. માટે હું દેહ રૂપ નથી પણ આત્મરૂપ છું એમ માનવું.** વેદમાં વર્ણન કરેલ સચ્ચિદાનંદ સ્વરૂપ, સર્વત્ર પૂર્ણ, શુધ્ધ અને અપરિછિન્ન જે અક્ષરબ્રહ્મ છે તે અક્ષરરૂપ હું છું એની દ્રઢતા કરવી. **આવો બ્રહ્મરૂપ હું આત્મા તે આ પ્રત્યક્ષ શ્રીહરિકૃષ્ણ ભગવાનનો અનન્ય દાસ છું. હે ભક્તો ! તમારા મનમાં આ રીતે વિચાર કરી આત્મરૂપ બનીને મારી શ્રવણાદિક નવધા ભક્તિ કરવી.** હે ભક્તજનો ! તમારી વૃદ્ધાવસ્થા આવશે ત્યારે દાંત પડી જશે. હાથમાં લાકડી રાખવી પડશે. શરીરમાં વિવિધ રોગો પણ ફેલાશે. **આવી પરિસ્થિતિ ફરી કદાપિ આવે જ નહિ તે માટે સ્ત્રી, પુત્ર અને બીજી તૃષ્ણાઓનો ત્યાગ કરી, અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ એવો જે હું તે મારું જ સ્મરણ કરો. મારી જ ભક્તિ કરો. તો તમને દુસ્તર એવા કાળનો વેગ પણ ક્યારેય પરાભવ નહિ કરે.**



દિવાળીના આ નવલા દિવસોમાં આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને નંદ સંતોના આટલા અમૃતવચનો જો આપણા જીવનમાં દ્રઢ થશે તો આપણો મનુષ્ય દેહ સાર્થક છે. જીવનમાં બીજું કંઈ કરવાનું રહેતું નથી. આપણા જીવનમાં સદાય દિવાળીનો ઉલ્લાસ રહેશે. શ્રીહરિએ બાથમાં લઈને પધરાવેલા શ્રી નરનારાયણદેવની છત્રછાયામાં રહીને, શ્રીહરિએ સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રીની મર્યાદામાં રહીને, શ્રીહરિએ સ્થાપેલા સનાતન ધર્મવંશી આચાર્યશ્રીની આજ્ઞા-અનુવૃત્તિમાં રહીને ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની નવધા ભક્તિ કરીશું તો આપણા જીવનમાં સદાય દિવાળીના દીવડાઓનો ઉજાસ પથરાયેલો રહેશે !

# કલ્યાણની પ્રોમીસરી નોટ



- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

વચનામૃતમાં શ્રીજી મહારાજે 'કલ્યાણની હુંડી'ની એક સુંદર વાર્તા કરેલી છે.

હુંડી કે જેને અંગ્રેજીમાં પ્રોમીસરી નોટ કહે છે તેમાં એક શાહુકાર બીજા શાહુકાર ઉપર, એક કાગળમાં રૂપિયા ચૂકવવા અંગેનું લખાણ લખી આપે છે. હવે એ કાગળનો ધારક તે હુંડી જે શાહુકાર ઉપર લખી આપી હોય એને આપે છે ત્યારે, તેમાં લખી આપેલ વચન પ્રમાણે હુંડીના ધારકને એ શાહુકાર થકી રૂપિયાનો ઢગલો પ્રાપ્ત થાય છે.

જગતના આર્થિક વ્યવહાર માટે પ્રચલિત હુંડીનાં આ દ્રષ્ટાંતને શ્રીજી મહારાજે 'કલ્યાણની પ્રોમીસરી નોટ'માં ખૂબ સરસ રીતે રૂપાંતરિત કર્યું છે ! તે કઈ રીતે તો પ્રથમ જોઈએ ગઢડા મધ્યનું ૬ઠ્ઠું વચનામૃત.

''મોટા પુરુષે જે શાસ્ત્રમાં પ્રતિપાદન ક્યું છે, તે સર્વે સત્ય છે. ત્યાં દૃષ્ટાંત છે જે, જેમ કોઈ મોટો શાહુકાર હોય ને તે કોઈને હુંડી લખી આપે ત્યારે, કાગળમાં તો એકેય રૂપિયો જણાતો નથી પણ રૂપિયા સાચા છે. તે જ્યારે હુંડી જે શાહુકાર ઉપર લખી આપી હોય તેને આપે ત્યારે તે હુંડીમાંથી જ રૂપિયાનો ઢગલો થાય છે. તેમ મોટા પુરુષની આજ્ઞાએ કરીને જે ધર્મ પાળે ત્યારે હમણાં તો કાંઈ વિધિનિષેધમાં જણાતું નથી પણ અંતે મોટા પુરુષની આજ્ઞા પાળનારનું કલ્યાણ થાય છે, જેમ હુંડીમાંથી રૂપિયા નીસરે છે તેમ. અને જે સમર્થ શાહુકારે હુંડી લખી હોય અને તેનો વિશ્વાસ ન કરે તેને મૂર્ખ જાણવો. કેમ કે તેને તે શાહુકારના પ્રતાપની ખબર જ નથી.'' (ગ.મ. ૬)

પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ શ્રીહરિ સ્વયં સર્વોપરિ શાહુકાર બની, કલ્યાણની આવી દિવ્ય હુંડીના સર્જક કે પ્રણેતા **(Maker of Promissory Note)** બન્યા છે ! એમણે પ્રવર્તાવેલ ધારા ધોરણ અને નીતિ નિયમ પ્રમાણે વર્તીને એમની આજ્ઞામાં રહીએ તો સાચા હરિભક્ત તરીકે આપણે સૌ બન્યા છીએ એમની કલ્યાણની હુંડીના ધારક. **(Bearer)** તો પછી શ્રીજી મહારાજે જેમના ઉપર કલ્યાણની હુંડી લખી આપી છે તેવા બીજા સમર્થ શાહુકારો કોણ ?

આ માટે ગઢડા પ્રથમનું ૪૮ માં, શિક્ષાપત્રી શ્લોક ૬૨ તથા નિષ્કુળાનંદ કાવ્ય રચિત પુરુષોત્તમ પ્રકાશમાંનો પ્રકાર ૩૯ એક પછી એક જોવાં પડશે !

''.... કાં જે અમે તો સત્પુરુષ છીએ તે અમારી આજ્ઞાએ કરીને તમે સર્વે શ્રી નરનારાયણદેવની પૂજા રાખશો તો અમારે અને નરનારાયણને તો સુધી મન-મેળાપ છે, તે અમે શ્રી નરનારાયણને કહીશું જે 'હે મહારાજ ! જે પંચ વર્તમાનમાં રહી અમારી આપેલ જે તમારી મૂર્તિ પૂજે તેમાં તમે અખંડ વાસ કરીને રહેજો. માટે તે નરનારાયણદેવ છે તેને અમે સ્નેહરૂપી પાશે બાંધીને જોરાવરીપણે રાખીશું માટે તમે સર્વે એમ નિશ્ચે જાણજો જે એ મૂર્તિ તે શ્રી નરનારાયણદેવ પંડે જ છે.'' (ગઢડા પ્રથમ ૪૮)

''અને જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાય તેમણે જ આપ્યું હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપ સેવવું અને તે સિવાયનાં બીજાં સ્વરૂપ સેવવા યોગ્ય નથી. પણ વંદન કરવા યોગ્ય છે.'' (શિ. ૬૨)

''ધર્મવંશીની ગાદીએ બેસી રે, વળી કાવશે ધર્મ ઉપદેશી રે
માટે એથી તરશે અપાર રે, નિશ્ચે જાણજો એ નિરધાર રે
બહુ કાળ લગી કલ્યાણ રે થાશે નિશ્ચે જાણો નિરવાણ રે
એવી ઈચ્છા છે જો અમારી રે એવું ધામથી લાવ્યા અમે ધારી છે
એમ બોલ્યા શ્રીહરિ હરખી રે, સુણી વાત લીધી છે જો લખી રે.''
(પુરુષોત્તમ પ્રકાશ પ્રકાર ૩૯)

મોટા પુરુષ એટેલ શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતે જ જે કલ્યાણની હુંડીના સર્જક બન્યા છે. એમણે આ

પૃથ્વીને વિષે જે સમર્થ શાહુકારો નિમ્યા છે તે પૈકી એક છે મહાપ્રતાપી એવા શ્રી નરનારાયણદેવ, બીજા છે શ્રીજીનાં અપર સ્વરૂપ એવા ધર્મવંશના આચાર્ય અને ત્રીજા એવા સમર્થ શાહુકાર છે શ્રીહરિને અખંડ ધારીને રહેલા બ્રહ્મનિષ્ઠ મોટા સંત.

જેવી રીતે બેંકનો ચેક, હુંડી કે બીલ ઓફ એક્ષ્ચેંજમાં ફેરફાર કે સુધારો વધારો થઈ શકે નહિ અને ચેક ચાક કરીએ તો એનાં લખનારની સહી (અનુમતિ) જોઈએ જ. જેમ વ્યવહારમાં પ્રોમીસરી નોટનાં આવા નિયમો છે તેમ જ કલ્યાણની પ્રોમીસરી નોટનાં પણ એવાં નીતિ નિયમ છે જે શિક્ષાપત્રીનાં ૨૧૨ શ્લોકો બંધારણમાં સ્પષ્ટપણે શ્રીહરિએ ઉલ્લેખ્યાં છે.

બસ આપણે તો સર્વોપરિ શાહુકાર એવાં શ્રીહરિની કલ્યાણની પ્રોમીસરી નોટ ઉપર વિશ્વાસ રાખી એમણે નિમેલાં કલ્યાણનાં શાહુકારો એવાં શ્રી નરનારાયણદેવ, પૂ. આચાર્યશ્રી તથા એવાં જ સંન્નિષ્ઠ સંતોની આજ્ઞામાં રહીને ભજન ભક્તિ કરે રાખવાની છે.

જગત વ્યવહારની પ્રોમીસરી નોટમાંથી રૂપિયાનો ઢગલો જો પ્રાપ્ત થાય છે ત્યારે પરમેશ્વરની પ્રોમીસરી નોટમાંથી શું કલ્યાણ પ્રાપ્ત ન થાય?

---

# દશાંશ વિશાંશ ધર્માદા અંગે



સમસ્ત હરિભક્તોને નૂતન વર્ષના જયશ્રી સ્વામિનારાયણ

વિ. આપ સૌ શ્રીહરિના આશ્રિતો લોક વ્યવહારે કરીને સુખી સંપન્ન છો. કારણ સર્વોપરિ શ્રીહરિએ આપણા આલોકના સુખ માટે પોતાના ગુરુ રામાનંદ સ્વામી પાસે બે વરદાન માંગી લીધા હતા. (૧) અમારા આશ્રિત અન્ન વસ્ત્રે દુઃખી ન થાય અને (૨) અમારા આશ્રિતને એક વિંછીનું દુઃખ થાય તેના બદલે અમને કોટી વિંછીનું દુઃખ થાય પણ અમારા આશ્રિતને કોઈ દુઃખ ન થાય. આમ શ્રીહરિએ સ્વયં આપણું પ્રારબ્ધ માથે લીધું છે. કોઈ બ્રહ્માંડમાં આવું ક્યાંય જોવા ન મળે તેવું આપણું સુખ છે. પરંતુ આપણે મહારાજની આજ્ઞા પાળીશું તો ? મહારાજે સ્વયં લખેલ શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે અમારા આશ્રિતોએ જ્યાં પોતે જે દેશમાં રહેતા હોય ત્યાં તે મંદિરના મુખ્ય કોઠારમાં દશાંશ-વિશાંશ ધર્માદો કરવો. એટલે વ્યવહારે દુર્બળ હોય તેમણે વિસમો ભાગ અને સુખી હોય તેમણે દેવને દશમો ભાગ અર્પણ કરવો. આપણે ઉદ્યમ કરીને જે કમાઈએ છીએ તેમાં દેવનો ભાગ છે. આપણી પાસે આપણા ઉદ્યમ થકી જે રકમ આવે તેમાંથી સૌ પ્રથમ દેવનો ભાગ કાઢીને પછી વ્યવહાર અર્થે તેનો ઉપયોગ કરવો. તે ધન લક્ષ્મી આપણું શ્રેય અને મંગળ કરીને આપણને સુખીયા કરે છે. માટે શ્રીહરિનાં દરેક ભક્તોએ પ્રથમ દેવનો ભાગ ધર્માદો અવશ્ય કરવો. કોઈ દર માસે કરે, કોઈ વરસે કરે પણ દેવનો ધર્માદો કરશો તો જ આપણું ધન શુધ્ધ અને સાત્વિક ગણાશે. તેમાંજ આપણું સુખ છે તે નિશ્ચિત જાણજો.

વિદેશમાં આફ્રિકા, ઈંગ્લેન્ડ, અમેરિકા, ઓસ્ટ્રેલીયા, કેનેડા, આરબ કન્ટ્રી, મેરેશ્યસ, ન્યુઝિલેન્ડ આદિ દેશોમાં વસતા અમદાવાદ શ્રી નરનારાયણદેવના શ્રીહરિની આજ્ઞા આશ્રિતોએ પોતાની કમાણીનો શ્રીહરિની આજ્ઞા મુજબ અમદાવાદ શ્રી નરનારાયણદેવને ૧૦ મો, ૨૦ મો ભાગ ધર્માદો કરીને સર્વોપરિ શ્રીહરિની પ્રસન્નતા અને રાજીપો મેળવીએ.

(મહંત સ્વામી, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર)




**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૩ માં જન્મોત્સવ પ્રસંગે તા. ૨૩-૧૦-૨૦૧૫ (વિજયા દશમી) ચરાડવા ધામ :**

સૌ પ્રથમ તો આજના પ્રસંગે સંતો-હરિભક્તોએ અમારા પ્રત્યે જે શુભ ભાવનાઓ વ્યક્ત કરી એ બદલ ખૂબ ખૂબ ધન્યવાદ ! અમારા વ્યક્તિગત જન્મોત્સવમાં અમે બહુ માનતા નથી, ઘણાંને એમ થાય કે જલસો કરવા જન્મોત્સવ ઉજવાય છે, તો એ વાત ખોટી છે. એમાં બહુ મઝા પણ નથી. પરંતુ મહારાજે આપેલા આ પદને નિમિત્ત બનાવીને પણ જુદી જુદી જગ્યાએ. જેમ કે અગાઉ આપણે કલોલ (પંચવટી), ઈડર વગેરે સ્થળોએ ઉત્સવ કર્યો - ઉત્સવ થતા રહે. જેનાથી સ્થાનિક વિસ્તારમાં જે તે ગામના હરિભક્તોમાં પોતાના જ ગામના મંદિરમાં મહિમાને અભાવે દર્શન-સત્સંગ માટે ન જવાતું હોય તો ફરી પાછા દર્શને જતા થાય. મહિમા સમજાય, સત્સંગ નવપલ્લવિત રહે અને મહારાજનું વિશેષ ભજન ભક્તિ થાય એ માટે જ અમે મંજુરી આપતા હોઈએ છીએ.

આપણા દેશમાં સત્સંગનો જે વિકાસ-વિસ્તાર થયો છે તેનો યશ અમે કે કોઈ એક વ્યક્તિ નથી. સત્સંગના અંગ તરીકે આપ સૌ અમને જે સાથ સહકાર અને હુંફ આપો છો તેનાથી જ સત્સંગની ઉન્નતિ પ્રગતિ થાય છે. આપણને સૌને શક્તિ આપનાર મહારાજ છે. કોઈ પણ ક્ષેત્રમાં ઉન્નતિનો યશ કોઈ એક વ્યક્તિ લેવા જાય તો એ અમારી દૃષ્ટિએ મહામૂર્ખ છે. ભગવાનના બળથી અને ભગવાનને સાથે રાખીને જે કાર્ય થાય છે તે લાંબા ગાળાનું સુખ આપે છે. પોતાના બળથી જે કાર્ય કરવા જાય છે તે શરૂઆતમાં કદાચ સારું દેખાતું હોય પરંતુ લાંબા ગાળે તેનું પરિણામ જોવા જેવું નથી હોતું. બધું નષ્ટ થઈ ગયું હોય છે.

નંદ સંતોની વાત કરીએ તો સંકલ્પ માત્રથી ગ્રહણ અટકાવી દેવું, મરેલાને જીવતા કરવા કે નિર્ધનને કરોડપતિ બનાવી દેવા. પૃથ્વીને આમથી તેમ ફેરવી દેવી, એક એક સંત એક એક ભગવાન તરીકે પૂજાય એવા હતા ને ! પરંતુ એ સંતો શું કહેતા તે જુઓ, ''હે મહારાજ ! આપના બળથી અમે આ કાર્ય કરી શકીએ છીએ.'' નંદ સંતો મહારાજની આવી મર્યાદા રાખતા હોય તો આપણે નંદ સંતોથી કે મહારાજથી કંઈ મોટા તો નથી ને કે વધારે બુદ્ધિવાળા તો નથી ને ! કે નંદ સંતોને પણ ઓવરટેક કરવા જઈએ ! બીજાને જે કરવું હોય તે કરે, આપણે મહારાજે સ્થાપેલા શ્રીનરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવનો દ્રઢ આશ્રય રાખીશું, મહારાજે સ્થાપેલા સિદ્ધાંતો - શાસ્ત્રોની મર્યાદાને વળગી રહીશું એટલે સુખ નહીં - સુખ તો સ્મગલર કે મવાલી જેવા લોકો પાસે પણ હોય છે - **મહાસુખને પામીશું, આ મહારાજે આપણને આપેલું વચન છે.**

હરિભક્તએ કહ્યું કે મહારાજશ્રી સાથે બેઠા છીએ. પરંતુ હવે સમય એટલો ફાસ્ટ થઈ ગયો છે, કાર્યક્રમોની ડાયરી એટલી ભરચક રહે છે કે સમય કાઢવો બહુ મુશ્કેલ છે છતાં પ્રયત્ન કરીશું. જે કાર્યક્રમ હોય છે તે સત્સંગ લક્ષી જ હોય છે. અમારા માટે તો નથી **C.L. (Casual Leave-** ઈમરજન્સી રજા) હોતી કે નથી **E.L.** (પ્રિપ્લાન રજા) હોતી. તમને માથુ દુઃખતું હોય તો એમ થાય કે આજે નથી જવું. બે દિવસ **Sick Leave** (માંદગીની રજા) મૂકી દઈશું. અમને માથું ક્યારેય નહીં દુઃખતું હોય ! દુઃખતું હોય તો પણ કોને કહેવા જઈએ ! તમારા બધાના પ્રેમ અને લાગણીને કારણે, સંતોની હુંફના કારણે શરીરના ભાવોને ગણકારતા નથી. ક્યારેક ડાયરી જોઈએ છીએ ત્યારે પણ બાકી રહેલા કાર્યક્રમ નથી જોતા. કેટલા કાર્યક્રમ પૂરા થયા તેના પર દ્રષ્ટિ કરીએ છીએ ત્યારે પણ આશ્ચર્ય થાય છે. હજુ હમણા સેન્ટ્રલ કેનેડા કે જ્યાં વર્ષમાં આઠ મહિના માઈનસ ૨૦ થી ૪૦ **C** ઠંડી રહે છે તેવા શહેરમાં મહારાજની પ્રતિષ્ઠા કરી. મહારાજ પૃથ્વી ઉપર મનુષ્ય સ્વરૂપે વિચરતા હતા ત્યારે તે સમયે સંતો-ભક્તની સંકટમાં રક્ષા વગેરે મહિમાની વાતો શાસ્ત્રોના માધ્યમથી વાંચતા-સાંભળતા હોઈએ છીએ. પરંતુ વર્તમાન કાળે પણ મહારાજ આપણી સાથે જ છે તેની અનુભૂતિ ઘણીવાર ઘણાને થતી હોય છે.

જયપુરના એક કાર્યક્રમમાં એક હરિભક્તની ગાડી લઈને (અમારી ગાડી શા માટે નહોતી, એ વાત પછી કરું.) ગયા હતા. સભા દરમિયાન ગાદીવાળાનો ટેલિફોન આવ્યો કે તમારે સવારે અહીં કાર્યક્રમમાં જવાનું છે માટે ફલાઈટ મારફતે આવતા રહો તો ૨-૪ કલાક આરામ કરવાનો ટાઈમ સચવાય અને કાલના કાર્યક્રમમાં સમયસર હાજર રહી શકો. મહારાજની પ્રેરણા હશે એટલે તેઓનો ફરીથી ટેલિફોન આવતા અમે ફલાઈટનું બુકિંગ કરાવીને જયપુરથી મુંબઈ અને મુંબઈથી અમદાવાદ આવતા રહ્યાં. આ બાજુ ગાડીમાં જે.કે. સ્વામી, વનરાજ ભગત આવતા હતા અને ડ્રાઈવરે શામળાજી ચેક પોસ્ટ ટોલટેક્ષ પ્લાઝા પર જેવી ગાડી ઉભી રાખી કે પાછળથી બીજા ગાડીવાળાએ ૧૩૦ ની સ્પીડ પર આવીને (બ્રેકને બદલે એકસીલેટર પર પગ દબાવ્યો હશે. જે કંઈ હોય તે) આપણી ગાડીને ટક્કર મારી. ગાડીને ઘણું નુકશાન થયું. વનરાજ ભગતને થોડું વાગ્યું, ટોલટેક્ષ પ્લાઝા પર **C.C. T.V.** કેમેરા લગાવેલા હોય છે એટલે તેમાં દ્રશ્ય ઝડપાઈ ગયું. અમે એ ગાડીમાં બેસીને જ આવવાના હતા. પરંતુ નિર્ણય બદલ્યો એટલે નિર્વિઘ્ને પહોંચ્યા. જો અમે એ ગાડીમાં બેઠા હોત તો ઘણી ઈજા થાત કે જેનાથી બીજા દિવસનો કાર્યક્રમ પણ પડ્યો રહે. મહારાજે રક્ષા કરી.

હવે હરિભક્તની ગાડી શા માટે લીધેલી તેની વાત કરીએ તો અમારી ગાડી રિપેરીંગમાં ગયેલી તેની પણ આવી જ ઘટના બનેલી. થોડા સમય પહેલા અમે કચ્છ-ભુજના ભચાઉ શહેરના કાર્યક્રમમાં જતા હતા. ફોરલેન રોડ હોય તો કેવો સારો લાગે, એવા ફોર લેનના રોડ પર સીધી લાઈનમાં જ અમારી ગાડી દોડતી હતી. ત્યાંજ એક ગાડીવાળાએ લગોલગ લાવીને એવી આડી ફેરવી કે એકસીડન્ટ સિવાય કોઈ વિકલ્પ બાકી જ ન રહે ! અમારા ડ્રાઈવરે તેને બચાવવા માટે અમારી ગાડીને પેલી લેનમાંથી સીધા ચોથી લેનમાં પડાય તેવો જમ્પ આપ્યો અને સહુને બચાવી લીધા. એ દ્રશ્ય અમે એવું નજરે જોયું છે કે મહારાજ સિવાય આમાંથી કોઈ ઉગારી શકે નહીં. અમારી ગાડીના ચારેય વ્હીલ તૂટી ગયા, અમે હસી પડ્યા કારણ કે મહારાજના પ્રત્યક્ષપણાની અનુભૂતિ થઈ જેનાથી સૌ બચી

ગયા હતા. પાછળ જ સંતોની ગાડી આવી, સંતોને કહ્યું કે બોલાવો પેલા ભાઈને, એને મરીને આપણને પણ મારી નાંખવા છે કે શું ? પેલા ભાઈ અમારી પાસે આવ્યા તો એ હરિભક્ત નિકળ્યા. તેનો નાનો બાળક બિમાર હોવાથી હોસ્પિટલે લઈ જતા હતા. તે હરિભક્ત તથા તેનો નાનો બાબો પણ બચી ગયા. અમારી ગાડી આ રીતે રિપેરીંગમાં ગઈ હોવાથી જયપુરના કાર્યક્રમમાં જવા માટે આપણા જ એક અન્ય હરિભક્તએ પોતાની ગાડી ખૂબ આગ્રહ કરીને આપી હતી.

ગઢપુરથી પણ સંતો પધાર્યા હોવાથી અમદાવાદ, મૂળી, ભુજની સાથે સાથે ગઢપુર દેશમાં પણ સત્સંગ ખૂબ વૃદ્ધિ પામે તથા ઉપસ્થિત હરિભક્તો સપરિવાર ખૂબ સુખી થાય તેવી પ્રાર્થના સહ અંતમાં પ.પૂ મહારાજશ્રીએ સૌને શુભાશિર્વાદ પાઠવ્યા હતા.

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા
(હીરાવાડી-બાપુનગર)

## શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ

**www.swaminarayan.info**

**www.swaminarayan.in**

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૩૦ ● શયન આરતી ૨૦-૩૦

## શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર દશાબ્દી મહોત્સવ

લક્ષ્ય TV

કથા તારીખ : ૨૧/૧૧/૨૦૧૫ થી ૨૫/૧૧/૨૦૧૫
બપોરે ૧૨-૩૦ થી ૩-૩૦ D-LIVE પ્રસારણ રહેશે
બપોર પછી ૩-૩૦ થી ૬-૩૦ LIVE પ્રસારણ

### કાર્યક્રમની રૂપરેખા

લક્ષ્ય TV

તારીખ : ૨૫/૧૧/૨૦૧૫
રાત્રીનો સાંસ્કૃતિક કાર્યક્રમ LIVE પ્રસારણ રહેશે
તારીખ : ૨૬ અને ૨૭/૧૧/૨૦૧૫
સવારે ૯-૩૦ થી ૧૨-૩૦ તેમજ
બપોર પછી ૩-૩૦ થી ૬-૩૦ LIVE પ્રસારણ

**સંવત ૨૦૭૨ કારતક સુદ - ૧૦ તા : ૨૧/૧૧/૨૦૧૫ ને શનિવારે**

| પોથીયાત્રા | મહામંત્ર -ધુન | દિપ પ્રાગટય | કથા શુભ પ્રારંભ | શ્રી ઘનશ્યામ જન્મોત્સવ |
|---|---|---|---|---|
| શ્રી સ્વામિનારાયણ મંદિર થી કથા સ્થળે જશે. | સવારે ૮-૩૦ કલાકે | સવારે ૯-૩૦ કલાકે | સવારે ૯-૩૫ કલાકે | સાંજે ૬-૦૦ કલાકે |

**તા : ૨૩/૧૧/૨૦૧૫ ને સોમવાર**
યુવા શિબીર
બપોરે ૧-૦૦ થી૩-૩૦ કલાકે

**તા : ૨૪/૧૧/૨૦૧૫ ને મંગળવાર** | પ.પૂ.અ.સૌ.ગાદીવાળાશ્રી પધારશે. સવારે ૯-૩૦ કલાકે | બહેનો ની યુવા શિબીર બપોરે ૧-૦૦ થી ૩-૦૦ કલાકે

**કારતક સુદ - ૧૫ તા : ૨૫/૧૧/૨૦૧૫ ને બુધવાર**

| પ.પૂ.લાલજી મહારાજશ્રી પધારશે | શ્રી હરિયાગ નો પ્રારંભ |
|---|---|
| સવારે ૯-૩૦ કલાકે | પ.પૂ.લાલજીમહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે સવારે ૯-૪૫ કલાકે |

શહેર તથા જીલ્લાના તમામ ભુદેવોની બ્રહ્મ ચોયાર્સી
બપોરે ૧-૦૦ કલાકે,

**કારતક સુદ - ૧૫ તા : ૨૫/૧૧/૨૦૧૫ ને બુધવાર** આનંદભુવન -વઢવાણ ખાતે

| ૨૬૧ બટુકોને યજ્ઞ પવિત વિધી | ૩૫ બ્રાહ્મણ ની કન્યાઓના સમુહમલગ્ન |
|---|---|
| સવારે ૭-૦૦ થી ૧-૦૦ કલાકે | સવારે ૭-૦૦ થી ૧-૦૦ કલાકે |

બટુકો તથા વર-કન્યા ને આર્શીવાદ સભા-વિદાય
બપોરે ૧-૩૦ કલાકે,

**કારતક વદ - ૧ તા : ૨૬/૧૧/૨૦૧૫ નેગુરુવાર**

| પ.પૂ.મોટા મહારાજશ્રી પધારશે | પ.પૂ.અ.સૌ.મોટા ગાદીવાળીશ્રી પધારશે | રાજયપાલશ્રી પધારશે | સમુહ લગ્ન | વર-કન્યા ને આર્શીવાદ પ.પૂ.મોટા મહારાજશ્રી તથા મહામહિમ રાજયપાલશ્રીના શુભ વરદ હસ્તે |
|---|---|---|---|---|
| સવારે ૯-૩૦ કલાકે | સવારે ૯-૩૦ કલાકે | માનનીયશ્રી મહામહીમ રાજયપાલશ્રી ગુજરાત, સવારે ૧૦ -૩૦ કલાકે | સવારે ૭-૩૦ થી ૧૧-૩૦ કલાકે | સવારે ૧૧-૩૦ થી ૧૨-૩૦ કલાકે |

**કારતક વદ - ૨ તા : ૨૭/૧૧/૨૦૧૫ નેશુક્રવાર** | વ્યાખ્યાન માળા દરરોજ :- સવારે ૧૧-૦૦ કલાકે | દૈનિક મહાપૂજા :- સવારે ૭-૩૦ કલાકે

| પ.પૂ.આચાર્ય મહારાજશ્રી પધારશે. | શ્રી ઠાકોરજીનો મહાભિષેક | શ્રી ઠાકોરજીનો છપ્પન ભોગ |
|---|---|---|
| સવારે ૬-૩૦ કલાકે | સવારે ૬-૩૫ કલાકે | સવારે ૯-૦૦ કલાકે |
| શ્રી હરિયાગ નો પૂર્ણાહુતી | કથાની પૂર્ણાહુતી | પ્રાસંગીક સભા |
| સવારે ૧૦-૦૦ કલાકે | સવારે ૧૦-૧૫ કલાકે | સવારે ૧૦-૩૦ થી ૧૧-૩૦ કલાકે |

| પ.પૂ.આચાર્ય મહારાજશ્રી ના આર્શીવાદ | મહામંત્ર -ધુન ની પૂર્ણાહુતી |
|---|---|
| સવારે ૧૧-૪૫ કલાકે | બપોરે ૧૨-૧૫ કલાકે |

**કારતક વદ - ૨ તા : ૨૭/૧૧/૨૦૧૫ નેશુક્રવાર**

| સુરેન્દ્રનગર બાલીકાઓનો સાંસ્કૃતિક પ્રોગ્રામ | પ.ભ.જયેશભાઈ સોની દ્વારા કિર્તન ભક્તિ | જોરાવરનગર યુવાનો દ્વારા નાટક તથા સાંસ્કૃતિક કાર્યક્રમ |
|---|---|---|
| તા. ૨૧-૧૧-૨૦૧૫, રાત્રે ૯-૦૦ થી ૧૧-૩૦ | તા. ૨૨-૧૧-૨૦૧૫, રાત્રે ૯-૦૦ થી ૧૧-૩૦ | તા. ૨૩-૧૧-૨૦૧૫, રાત્રે ૯-૦૦ થી ૧૨-૦૦ |

| નામાંકિત કલાકારો દ્વારા લોકડાયરો તથા ભજન | સાહિત્ય અને હોસ્યરસ ખ્યાતનામ કલાકાર શ્રી જગદીશભાઈ ત્રિવેદી તથા સહાબુદિન રાઠોડ (થાન) હાસ્યરસ પીરસસે |
|---|---|
| તા. ૨૪-૧૧-૨૦૧૫, રાત્રે ૯-૩૦ થી ૧-૦૦ | તા. ૨૫-૧૧-૨૦૧૫, રાત્રે ૯-૩૦ થી ૧૧-૩૦ |

સમુહ રાસોત્સવ તા. ૨૬-૧૧-૨૦૧૫, રાત્રે ૯-૦૦ થી ૧૧-૦૦

નોંધ :- બહારગામથી પધારતા મહેમાનો માટે ઉતારા તથા પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

# શ્રી સ્વામિનારાયણ મહામંત્ર

- લે. જયંતિલાલ કે. સોની (મેમનગર-અમદાવાદ)

સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ મહાપ્રભુ શ્રી સહજાનંદ સ્વામીને જેતપુરમાં ધર્મધુરા સોંપી પોતે સ્વધામ સિધાવ્યા ત્યાર પછી ફરેણીમાં ભગવાન શ્રીહરિએ ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીના ચૌદમાં (સં.. ૧૮૫૮ ના માગસર વદ-૧૧ તા. ૩૧-૧૨-૧૮૦૧)ની સભામાં પોતે બે હાથ ઉંચા કરી સંબોધતા કહ્યું કે હે વ્હાલા સંતો ભક્તો, આજ સુધી સત્સંગમાં સૌ જુદા જુદા નામોથી ભજન-માળા આદિ કરો છો, જેમ કે, કોઈ કૃષ્ણ-કૃષ્ણ જપે છે તો કોઈ રામ-રામ જપે છે. તો કોઈ કપિલ-કપિલ ને કોઈ દત્ત-દત્ત કહે છે, તો કોઈ નારાયણ-નારાયણ કહે છે પણ એકજ સંપ્રદાયના સૌ કોઈ ભક્તોનું ભજનતો એક જ મંત્રથી થાય તે જ ઉચિત ગણાય. તો આજે એવા એક સર્વોપરી મંત્રનો અમો ઉદ્‌ઘોષ કરીએ છીએ કે જે મંત્ર નહિ પણ મહામંત્ર હશે. જે મંત્રને આપ ધ્યાનથી સાંભળો અને હવે પછી માળામાં, ભજનમાં, ધૂનમાં એજ મહામંત્રનો જપ કરજો. બીજા અનંત નામ મંત્રો આ સર્વોપરી મહામંત્ર પાસે કેવા જણાય છે તે કહું છું તે સાંભળો.

**વળી વ્હાલે કરી એક વાત, સહુ સાંભળો જન સાક્ષાત્**
**અમારા નામ છે જો અપાર, તેમાં પણ કર્યો નિરધાર**
**માર્કંડ ઋષિએ તે જેહ, નામ પાડ્યા છે અમારા એહ**
**કૃષ્ણ હરિ હરિકૃષ્ણ સાર, નિલકંઠ નામ નિરધાર**
**વળી સ્વામી રામાનંદ જેહ, નામ પાડ્યા છે અમારા તેહ**
**સહજાનંદ સુખનું ધામ, બીજુ નારાયણમુનિ નામ**
**રુડું ઘનશ્યામ નામ જેહ, માતા-પિતા કહેતા કરી સ્નેહ**
**એમ નામ અમારા તે બહુ, પાડ્યા નોંખા નોંખા જને સહુ**
**પણ મુખ્ય અમારુ જે નામ તે તો ભૂલી ગયા છે તમામ**
**કોઈને હાથ તે આવ્યું નહિ, એહ સારુ નામ ગયુ રહી.**
(પુરુષોત્તમલીલામૃત સાગર તરંગ-૧૩)
**શ્રી સ્વામિનારાયણ નામ સાર, છે પાપને તે પ્રજળાવનાર**
**પાપી ઘણું અંતર હોય જેનું, બળ્યા વિના કેમ રહેજ તેનું.**

આ મહામંત્રનો જપ કરતા સર્વે દુઃખ માત્રનો વિરામ થશે. જમનું તેડું ક્યારે નહિ આવે, સર્વ પાપ માત્રનો પ્રલય કરનારો આ મહામંત્ર રહેશે. આમ ‘સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા સ્વયં શ્રી સહજાનંદ સ્વામીએ સ્વમુખે સભામાં કહ્યો, બસ તે સમયથી જ આ ઉધ્ધવ સંપ્રદાય સર્વત્ર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય તરીકે ઓળખાયો અને આ સહજાનંદ સ્વામી પોતે જ સ્વામિનારાયણ ભગવાન છે તેમ સર્વ જગતમાં પ્રસિધ્ધિને પામ્યા.

## સમસ્ત સત્સંગ જોગ

સમસ્ત સત્સંગને સહર્ષ જણાવાનું જે, સાધુ અર્ઘમનાશકદાસજી ગુરુ સ.ગુ.ધ્યાની સ્વામી હરિસ્વરૂપદાસજી વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ દેશના નાગરિક સંત હતા. હવે તેઓ અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશમાં રહેવા આવ્યા હોવાથી શ્રી નરનારાયણદેવ દેશના નાગરિક થયા છે. જેની સૌ સત્સંગને જાણ થાય.

## નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.gopallalji.com
નારણઘાટ : www.narayanghat.com
વડનગર : www.swaminarayanmandirvadnagar.com
પ્રયાગ : www.prayagmilan.org
અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com
ઈડર : www.gopinathjiidar.com
નારણપુરા : www.sankalpmurti.org

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી

મનની શાંતિ અને અંતરની શાંતિ વચ્ચેનો ભેદ પારખવાની કળા આપોઆપ શિખાઈ જાય તે જગ્યાનું નામ એટલે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ. આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં આ વર્ષે ધન તેરસના દિવસે પ.પૂ.મોટા મહારાજશ્રી, પ.પૂ.આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ.લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ધનપૂજા થશે અને પૂજન થયેલ ધન, સોના ચાંદીના સિક્કા સ્વરૂપે હરિભક્તો યાદગીરી રૂપે લઈ જઈ પણ શકશે. તેમજ કાળી ચૌદશના દિવસે હનુમાનજીનું પૂજન પણ થનાર છે. દિવાળીની રજાઓમાં ઘણાં દર્શનાર્થીઓ આવશે અને અંદર રહેલ ધરમપુરના કુશળ કુંવરબા, જેતલપુરના ગંગામાં, મહેસાણાના કશળીબા તેમજ કલા ભગત, રામદાસભાઈ, જોબન પગી વગેરે જેવા ભાગ્યશાળી ભક્તોની સાથે વણાયેલી કથા અને તે કથાની સાથે જોડાયેલ શ્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુ નિહાળશે. મ્યુઝિયમમાં ગોઠવાયેલ દરેક પ્રસંગ કે વસ્તુમાં એક કવિતા છુપાયેલી છે. તે સંભળાય એ જરૂરી નથી માત્ર અનુભવાય. અંતકાળે આંખે દેખ્યુ યાદ ન આવે અને અનુભવાયેલું યાદ આવે તો પણ બસ !

મ્યુઝિયમમાં  ગોઠવાયેલ દરેક વસ્તુ શાસ્ત્રીય સંગીતના શોખીન પ.પૂ.મોટા મહારાજશ્રીની સીધી દેખરેખ નીચે તૈયાર થયેલ હોવાથી તે તાલમાં ઓગળેલ છે. એમાં પણ ૮ નંબરના હોલમાં ડોલ્બી સાઉન્ડ સિસ્ટમ નો સન્નાટો છે. તે પવિત્ર મૌન અંતરમાં એટલી હદે શાંતિ આપે છે કે ત્યાં શ્રીજી મહારાજની હાજરીનો અનુભવ આશ્ચર્ય અને અચરજના સત્સંગ સમો થયા વગર રહેતો નથી.

પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.આચાર્ય મહારાજશ્રીએ તો સત્સંગને મહામૂલી ભેટ આપી દીધી છે પરંતુ આપણને આપણામાં શ્રધ્ધા હશે તો મ્યુઝિયમની મુલાકાત લીધા પછી આપણને ન જડતું પૂર્ણ વિરામ શોધી લઈશુ. ટૂંકમાં આપણા બે ધબકારા વચ્ચેના ખાલીપાને શ્રી સ્વામિનારાયણ નામથી ભરી દેતી જગ્યા એટલે આપણું શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ.

- પ્રફુલ ખરસાણી

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - ઓક્ટોબર - ૨૦૧૫

| | |
|---|---|
| રૂા. ૧,૦૧,૦૦૦/- | અ.નિ. બચીબા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર હવેલી પ.પૂ. મોટા મહારાજશ્રીની પ્રેરણાથી |
| રૂા. ૧૧,૧૫૧/- | અ.નિ. મણિલાલ લક્ષ્મીદાસ ભાલજા સાહેબ ૧૧૩માં જન્મ દિન નિમિત્તે |
| રૂા. ૮,૨૦૦/- | અ.નિ. પુરૂષોત્તમ સ્વામી - કલોલ |
| રૂા. ૫,૩૦૦/- | અ.નિ.પ.ભ. ભાલજા સાહેબના જન્મ દિને એક હરિભક્ત તરફથી, અમદાવાદ. |
| રૂા. ૫,૦૦૧/- | પટેલ ભક્તિભાઈ શીવદાસ વડુવાળા |
| રૂા. ૫,૦૦૧/- | અ.નિ. મનિષ (મનુ) જયંતીલાલ ડાંગરવાવાળા - ગાંધીનગર. વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે |
| રૂા. ૫,૦૦૦/- | પટેલ ઉન્નતિબેન રાજેન્દ્રકુમાર, ધનસુરા. |

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - ઓક્ટોબર - ૨૦૧૫

| | |
|---|---|
| તા. ૦૨-૧૦-૧૫ | હિરાલાલ માણેકલાલ પાટડીયા, જુના વાડજ |
| તા. ૦૪-૧૦-૧૫ | અ.નિ. મંગળભાઈ કાનદાસ પટેલ હ. નરેન્દ્રભાઈ, ડાંગરવાવાળા |
| તા. ૧૪-૧૦-૧૫ | કચ્છ પદયાત્રા સંઘ હ. સાં.યો. નિતાબા, સાં.યો. નાનબાઈ માનકુવા, સાં.યો. નાનબાઈ કેરા, કચ્છ-ભુજ |
| તા. ૧૮-૧૦-૧૫ | સત્સંગ સમાજ સ્વામિનારાયણ મંદિર સેકટર-૨ ગાંધીનગર, હ. મહંત સ્વામી પી.પી. સ્વામી (નાના) |
| તા. ૨૦-૧૦-૧૫ | મનજીભાઈ હિરાણી (૫૦ મી વર્ષ ગાંઠ નિમિત્તે) યુ.એસ.એ. |
| તા. ૨૫-૧૦-૧૫ | કમળાબેન મણીલાલ પટેલ હ. નરેન્દ્રભાઈ , ડાંગરવાવાળા-બોસ્ટન |
| તા. ૨૯-૧૦-૧૫ | ભક્તિભાઈ માધવદાસ પટેલ - કલોલ |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com




સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## બુધ્ધિદાત્રે નમઃ

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

કોઈ દિસ વિચાર કર્યો છે ? શેનો વિચાર વળી ! વિચાર એ કે કોઈ દિવસ ભગવાન રાજી થઈ જાય અને કહે કે માગ તો શું માગવું ? કેટલી કઠણ બાબત છે નહીં ! એમાં પણ બે જ વિકલ્પ આપ્યા હોય ત્યારે કેવું કઠણ પડે ! ભગવાન કહે કે હું તારા પર પ્રસન્ન થયો છું. અને તને આ બે માંથી એક વરદાન માગવાનું કહું છું. (૧) બુદ્ધિ (૨) ધન. વિચારી જુઓ કે કોઈ દિવસ આવો વિકલ્પ આવે ત્યારે આપણે કોને પસંદ કરીએ ? આવો દિવાળીના તહેવારોનો સમય નજીકમાં હોય ત્યારે આપણને તો થાય કે ધન જ માગી લઈએ અને નવા સારાં કપડાં ખરીદીએ, નવું ફર્નિચર વસાવી લઈએ, ગાડી લાવી દઈએ ને કેટલી બધી ખરીદી કરીએ. પણ આ વાત જાણીને પછી નક્કી કરીશું કે બે માંથી પ્રભુ પાસે શું માગવું.

વાત એમ છે કે વૈશાખ-જેઠ માસનો સમય હતો. દિવસે તો ગરમ પવન ફૂંકાય, બળતરા, ઉકળાટ થતો હોય આવા સમયે બધા લોકો રાત્રિની મુસાફરી વધુ પસંદ કરે. રાત્રિ બસો મોટા ભાગે પેક જાય. આવા સમયે એક સજ્જન અમદાવાદથી સુરત જતી બસમાં બેઠા. મુસાફરોથી ખીચોખચ ભરેલી બસ સુરતના રસ્તે ઉપડી. બસમાં બેઠેલા મુસાફરો એકબીજાની સાથે વાતો કરતા જાય. પરિચય કરતા જાય. કોઈ રાજાકરણનો મુદ્દો તો કોઈ કાંઈક. વાતવાતમાં મુદ્દો આવી ગયો. ચોરી-લૂંટફાટના વિષય ઉપર. બધા રસપૂર્વક પોતપોતાના મંતવ્યો રજુ કરવા માંડ્યા. કોઈ કહે, આવી આ રાતમાં કોઈ ચોરચકાર જો આવીને આપણી બસને આંતરે તો બધાએ પોતપોતાનું બધું દ્રવ્ય ગુમાવવાનો વારો આવે. ત્યાં તો એક અધિરીયો વચમાં જ બોલ્યો. તમને બધાને શું ખબર પડે, હું તો બહુ અનુભવી છું. આવી કોઈ બાબત બની જાય તો વાંધો ન આવે તેવા ઘણા ઉપાય મારી પાસે છે. આજે એમાનો એક ઉપાય મેં અજમાવીને રાખ્યો છે. બધા આશ્ચર્યચકિત નજરે આ ભાઈની સામું જોઈ રહ્યાં. એમણે જાકીટ પહેરેલું. તેમાં અંદરની બાજુ ૧૦,૦૦૦ રૂપિયા મુકીને તે કાપડથી સીવી દીધું હતું. તે બધાને બતાવવા લાગ્યા કે જોઈને મારી યુક્તિ ! જુઓ આમ પૈસા સાચવી શકાય.

પેલા સજ્જન આ બધી વાતો શાંતિથી પુરા ધ્યાનથી સાંભળતા હતા. પણ કાંઈ પણ બોલ્યા વિના અને શાંતિથી મુસાફરી કરી રહ્યા હતા. થોડીવાર થઈ અને બસ એકદમ ઉભી રહી. બધા જોવા માંડ્યા. શું હશે ? કેમ બસ ઉભી રહી? ત્યાં તો બે બંદુકધારી બસમાં ચઢ્યા ને બંદુક ધરીને બોલ્યા. સાવધાન ! તમારી પાસે જે કોઈ સામાન હોય તે અમને આપી દો, નહીં તો બધાને લૂંટી લઈશું અને મારી નાંખીશું. બધા ગભરાઈ ગયા હતા. શું કરવું તે કોઈને સૂઝ્યું નહી. ત્યાં તો આ સજ્જન બોલ્યા. જુઓ ભાઈ ! તમારે કેટલા રૂપિયાની ઈચ્છા છે ? જો હું તમને ૧૦,૦૦૦ રૂપિયા અપાવી દઉં તો કાંઈ વાંધો ખરો ? પેલા વિચારીને કહે, તો તો અમને કાંઈ વાંધો નહીં. પછી તો અમે જતા રહીશું. આ સજ્જને જેમણે કોટમાં દશ હજાર રૂપિયા સંતાડેલા તેમને બતાવી કહ્યું કે આ ભાઈ પાસે દશ હજાર રૂપિયા છે. પેલા ગુંડાઓએ દશ હજાર રૂપિયા લઈને ચાલતી પકડી. જેના રૂપિયા ગયા તે ભાઈ તો લાલપીળો થઈ ગયો. તમારે શું જરૂર હતી મારા પાસે આટલા રૂપિયા સંતાડેલા હતા તે

કહેવાની ! ત્યારે આ સજ્જન કહે, તમે ગભરાશો નહીં. તમારા ગયેલા દશ હજાર રૂપિયાને બદલે હું તમને પંદર હજાર રૂપિયા આપું છું. બસ.

બધા વિચાર કરવા લાગ્યા કે આ ભાઈ આવું કેમ કરી રહ્યા છે ? ચોર પાસે દશ હજાર રૂપિયા અપાવી દીધા અને પછી પોતે પંદર હજાર રૂપિયા આપે છે ? ત્યારે આ સજ્જને કહ્યું કે જુઓ વાત એમ છે કે મારી પાસે અત્યારે એક લાખ રૂપિયા સાથે છે. જો મેં આ ભાઈની બાતમી ન આપી હોત તો આખી બસના બધા પેસેન્જરોની પાસેથી પેલા લૂંટ કરીને જાત એમાં મારા એક લાખ રૂપિયા પણ જાત. આ વાત સાંભળી એટલે બધા મુસાફરો આ ભાઈની બુધ્ધિ અને સમય સૂચકતાનો વિચાર કરી ખુશ ખુશ થઈ ગયા.

મિત્રો ! ખ્યાલ આવ્યો ? જો આ સજ્જન વ્યક્તિ પાસે બુદ્ધિ હતી તો તે તેમની પાસેના ધનને સાચવી શક્યા. એ જો બુદ્ધિ ન હોત તો, આવી સમય સૂચકતા ન હોત તો બધું જ ધન જાત, હેરાનગતિ થાત. એમને એકને નહીં પણ બસમાં બેઠેલા તમામ મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડત. બસમાં કોઈની પાસે દાગીના હતા. કોઈની પાસે રૂપિયા હતા પરંતુ આ ભાઈએ પોતાની બુદ્ધિથી આખી બસ બચાવી લીધી. આવી બુદ્ધિમાં જ જ્ઞાનનો નિવાસ થાય છે.

માટે જીવનમાં જે વ્યક્તિ સુખી થવાની ઈચ્છા રાખતો હોય તેણે હંમેશા જ્ઞાન પ્રાપ્તિને મહત્વ આપવું જોઈએ. જીંદગીનો રસ્તો બહુ લાંબો છે. એમાં સદ્‌ગુણોની, સંસ્કારોની લૂંટફાટ કરવા વાળા ગમે ત્યારે ત્રાટકે ત્યારે શું કરવું ? એ સમયે જો સત્સંગરૂપી બુધ્ધિ આપણી પાસે હશે તો આપણા સદ્‌ગુણોને અને સંસ્કારોને આપણે બચાવી શકીશું. અને છેક અક્ષરધામ સુધી નિર્વિઘ્ને પહોંચી શકીશું.

આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનનું એક નામ છે ''બુધ્ધિ દાત્રે નમઃ'' તો આવા આ નવા વર્ષે આપણી સદ્‌બુદ્ધિમાં વૃદ્ધિ થાય તેવી સ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં પ્રાર્થના સાથે સહુ વાચક મિત્રોને નૂતન વર્ષાભિનંદન સહ સહુને જય સ્વામિનારાયણ....

•

## સહજાનંદી સિંહ

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

સધવા નારીને ચાંદલો અને મંગલસૂત્ર ધારણ કરવામાં શરમ આવે તો કેવું ગણાય !

યોધ્ધાને હાથમાં હથિયાર રાખતાં શરમ આવે તો કેવું ગણાય !

રાજાને માથે મુગટ ધારણ કરવામાં શરમ આવે તો કેવું ગણાય !

તમે જ કહો, આ શોભે ખરૂ ? ના. તો પછી સત્સંગી હોય અને તેને તિલક-ચાંદલો કરવો ન ગમે કે તિલક-ચાંદલો કરતાં શરમ આવે તો તે સારૂં ગણાય ! ન જ ગણાય. આપણે જોતા હોઈએ કે ઘણા કહેતાં હોય છે કે અમારે ચાર પેઢીનો સત્સંગ છે કે પાંચ પેઢીનો સત્સંગ છે કે સ્વામિનારાયણ ભગવાન છતાંનો સત્સંગ અમારા પરિવારમાં છે. પણ આવું કહેનાર એ ભાઈનું માથું કોરૂ ધાકોર હોય તો સારૂં લાગે ? ન જ લાગે. તિલક-ચાંદલો તો સત્સંગીના સૌભાગ્યનું પ્રતિક છે. જો એ ધરતા શરમ આવે તો આપણે સત્સંગી શાના ?

કંઠી અને તિલક-ચાંદલા માટે કેવી ખૂમારી જોઈએ, કેવી નિષ્ઠા જોઈએ તે વાતને સમજવા બની ગયેલી એક સત્ય ઘટના વાંચીએ. કારણ કે ''હરિનો મારગ છે શુરાનો, નહીં કાયરનું કામ જોને'' એક યુવાન કોઈ સારા મિત્રના સંગથી સત્સંગી થયો. સત્સંગી કેવો ! ઢીલો પોચો નહી, નિષ્ઠામાં એકદમ મક્કમ. કોઈ મશ્કરી કરે તો તેને શૂરવિરતા પૂર્વક જવાબ આપી દેતો. પણ ખુમારી શિરસાટે રાખતો. પાડોશીઓ કેટલાંય સગાને તેની ઈર્ષ્યા આવતી. કારણ કે સત્સંગી થયા પછીથી તેના ઘરમાં સમૃદ્ધિ વધવા લાગી. બધા વિચારતા કે ગમે તેમ કરી તેને સત્સંગી મિટાવી દેવો. પણ બધા તકની રાહ જોવા લાગ્યા.

આ યુવાનના લગ્ન નક્કી થયા. જાનમાં આ બધા ઈર્ષ્યાળુ સગાઓ પણ સાથે હતા. કહેવાય છે ને - ''સગા હોય તે વ્હાલા ન હોય અને વ્હાલા હોય તો સગા ન હોય.'' ભલે આવા જે વ્હાલા હોય પણ વહેવાર માટે બધાને સાથે તો લેવા જ પડે ! આ બધા ઈર્ષ્યાળુઓએ વિચાર કર્યો કે અત્યારે તક સારી છે. તેમણે તો પ્લાન ઘડી નાંખ્યો. આ બાજુ લગ્ન સ્થળે જાન આવી પહોંચી. દીકરીના પિતાએ

દબદબાપૂર્વક જાનૈયાઓનું સ્વાગત કર્યું. ગામની નિશાળમાં જાનને ઉતારા અપાયેલા. બધાને જમાડ્યા. એ જમાનો હતો કે બે-ત્રણ દિવસ લગ્ન ચાલતા. લગ્નવિધિ રાત્રે હતો એટલે બધા બપોરે જમીને નવરા પડેલા.

જુવાનીયાઓ તેમના તાનમાં અલકમલકની વાતો કરતા હતા. બાળકો રમવા માંડ્યા હતા. તેવામાં પેલા ઈર્ષ્યાળુ સગાઓએ લાગ જોઈ દીકરીના પિતાનો સંપર્ક કર્યો. જ્યારે આ લોકો કન્યાના પિતા સાતે વાતો કરતા હતા તે આ યુવાને પોતાના ઉતારાની બારીમાંથી જોયું હતું. થોડીવાર પછી ગોઠવેલા પ્લાન મુજબ આ યુવાનના સસરા તથા તેમના સગા આ યુવાન પાસે આવ્યા. અને વાત શરૂ કરી - ''અમારી ઈચ્છા છે કે તમે કંઠી ને તિલક-ચાંદલો કાઢી નાંખો ને સત્સંગી મટી જાવ તો સારૂં. અને તમે જો નહીં માનો તો અમારે કાંઈક વિચારવું પડશે.'' આમને બધાને એમ હતું કે આવું કહીશું તો યુવાન ગભરાઈ જશે પણ આ યુવાન પણ અલગ માટીનો હતો. તેણે તો તરત જ જવાબ આપી દીધો. ''આપને જે વિચાર કરવો હોય તે કરી શકો છો પણ આ કંઠીને તિલક-ચાંદલાની વાત નહી કરી શકો. સત્સંગ તો માટે શિર સાટે છે.''

યુવાનના મુખે આવો મક્કમતા ભર્યો જવાબ સાંભળીને સસરા (કન્યાના પિતા) તો સડાક થઈ ગયા. બીજા સગાઓને થયું કે મામલો વધું બગડશે તો આવો સારો યુવાન હાથમાંથી જશે. એટલે સમાધાન માટેની વાત કરવા લાગ્યા - ''તમે એમ કરો આ કંઠી-ચાંદલો કાઢી નાંખો. લગ્ન કરીને ઘરે જાવ પછી પહેરી લેજો. એટલે તમારી વાત પણ રહેને અમારી વાત પણ રહે.'' પણ વરરાજાએ તો રોકડું પરખાવી દીધું - ''કંઠીને તિલક-ચાંદલો મુકાવે એવાં લગ્ન મારે કરવા જ નથી. હું લગ્ન કર્યા વિના જ પાછો વળી જવા તૈયાર છું.

વરરાજાના મુખે આવી મક્કમતા અને નિષ્ઠા ભરેલા શબ્દો સાંભળી સસરાજીના તો પગ ધ્રૂજવા લાગ્યા. હવે શું કરવું ? આ લોકોની વાતમાં ન આવ્યો હોત તો સારૂં હતું. તેવું વિચારવા લાગ્યા. પણ હવે તો કાંઈ કરવું જ તેવું વિચારી સસરા કહેવા લાગ્યા કે - ''છેવટે અમારી આટલી વાત રાખો. તમારે લગ્ન મંડપમાં એટલું કહેવાનું કે ભલે હું આ કંઠીને તિલક-ચાંદલો કરૂં છું પણ હું સત્સંગી નથી.'' આ યુવાને મનોમન વિચારી જવાબ આપ્યો કે - ''સારૂં એ વખતે વાત.'' આટલું સાંભળતા કન્યાના પિતા અને યુવાનના ઈર્ષ્યાળુ સગાઓ વિચારવા લાગ્યા કે ચાલો આપણું કામ થઈ જશે. યુવાન ઢીલો પડી ગયો છે.

લગ્નનું મુહૂર્ત શરૂ થયું. વરરાજા કંઠી અને તિલક ચાંદલો કરી વટ સાથે લગ્ન મંડપમાં બેઠા. લગ્ન વિધિ એક પછી એક એમ આગળ વધવા લાગ્યો. પેલી વાત થયેલી તે મુજબ સસરા જમાઈ પાસે આવીને પૂછવા લાગ્યા - ''તમે સત્સંગી છો ?'' આ યુવાન કહે છે, એમ કરો મારા સાસુને અહીં બોલાવો. સાસુ આવ્યા એટલે આ યુવાને સાસુને કહ્યું - ''તમે એમ કહો કે ભલે મેં આ મંગળસૂત્ર પહેર્યું, ચાંદલો કર્યો પણ આ મારા પતિ નથી. પછી હું વિચારૂં મારે શું જવાબ આપવો. આટલું સાંભળતા તો સાસુને સસરાને બીજા માંડવીયા તો છોભીલા પડી ગયા. કન્યાની માતા તેમના પતિને કહેવા લાગ્યા કે તમને આવું કરવાની શું જરૂર છે, મુકો પંચાતને વિધિ આગળ ચલાવો.

ધામધૂમથી કન્યાનો હાથ વરરાજાના હાથમાં સોંપાયો. અને રંગે ચંગે લગ્ન વિધિ સંપન્ન થયો. આખરે આ યુવાનની નિષ્ઠાનો વિજય થયો.

વાચકમિત્રો ! વાંચી વાત ? આનું નામ કહેવાય શૂરવીરતા ! આ કહેવાય સાચો સત્સંગી ! લગ્ન ફોક કરવા તૈયાર થયો પણ કંઠીને તિલક ચાંદલો ન છોડ્યા. આને કહેવાય સાચો ''સહજાનંદી સિંહ'' આ વાત ઉપરથી એટલું તો નક્કી કરજો કે જે કંઠી કે તિલક-ચાંદલો ધારણ કરવામાં શરમ અનુભવતા હો તો આ નવા વર્ષથી દૃઢ નિયમ લઈ લેજો કે આ જીવન રહે ત્યાં સુધી આ કંઠી અને તિલક-ચાંદલો દ્રઢતાથી પુરી નિષ્ઠાથી કરીશું તો આ નવું વર્ષ આપણા માટે સાચે જ સુવર્ણમય બની રહેશે.

સૌ વાચક મિત્રો આ વાતને જરૂરથી અનુસરી નિષ્ઠાવાન, સાચા સહજાનંદી સિંહ બની રહે તેવી ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં પ્રાર્થના સાથે સત્સંગ બાલ વાટિકાના સર્વે વાચકમિત્રોને નૂતન વર્ષાભિનંદન સહ ભાવથી જય સ્વામિનારાયણ.

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) (અધિક અષાઢ વદ એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી) ''આપણા જીવનને આદર્શ બનાવવાનું છે''**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

પરમાત્માએ દયા કરીને આપણને મનુષ્ય જન્મ આપ્યો છે. તો આપણે વિચારવાનું છે કે 'માનવજીવનનો હેતુ શું છે?' 'આપણે શું પ્રાપ્ત કરવાનું છે ?' 'આપણે શા માટે આવું જીવન જીવવું પડે છે ?' માનવ દેહ મળ્યો છે તો 'માનવધર્મ તો હોવો જ જોઈએ ને ? અત્યારે સમાજમાં આપણે જોઈએ તો લોકો ત્રણ રીતે જીવન જીવે છે. ' 'પાશવી', 'માનવીય' અને 'દૈવી જીવન'. ૮૦% લોકો પાશવી જીવન જીવે છે. આપવો જોઈએ તો વર્તમાનકાળમાં માંસ ભક્ષણ, મદિરાપાન, વ્યભિચાર, દુરાચાર, ભ્રષ્ટાચાર બધું સમાજમાં ખૂબ ચાલતું હોય છે. રોજ સવારે આપણે છાપામાં કેટલું બધુ જોઈએ છીએ. બીજાનું અણહક્કનું ભોગવવું તે 'પાશવતા' કહેવાય. લોભથી, લાલચથી, વિષયથી કોઈપણ રીતે અને પોતાના હક્કનું ભોગવવું તેનું નામ 'માનવધર્મ'. પરાયામાં દૃષ્ટિ જ ન કરે. જે લોકોને થોડો ઘણો સત્સંગનો રંગ લાગ્યો છે તે લોકો માનવીય જીવન જીવે છે. માટે જ આ પૃથ્વી ટકી છે. માનવીય જીવન કોને કહેવાય ? તો જે બીજા માટે વિચારે છે. કાંઈક સારુ કરવાનો પ્રયત્ન કરે છે. કોઈ પણ મનુષ્યને આપણા નિમિત્તે દુઃખ ન થાય એ માનવ ધર્મ છે. મને કોઈ દુઃખ આપે તો મને નથી ગમતું તો મારે કોઈને દુઃખ ન આપવું જોઈએ. આ સિદ્ધાંત જીવનમાં આવી ગયો તેમાં માનવતા આવી ગઈ. આમ માનવ ધર્મ તો ખૂબ શ્રેષ્ઠ બાબત છે. ને દૈવી જીવન એટલે તારુ એ તારુ, અને મારુ તે પણ તારુ એમ પરોપકાર હોય, પોતાનું હોય તે પણ બીજાને આપી દે, દૈવી જીવો ખૂબ ઓછા હોય છે. જેની અંદર સદ્‌ગુણો છે અને પોતાનો આદર્શ સમાજમાં પ્રસ્તુત કરે છે. અને બીજાને કોઈ પણ પ્રકારની અપેક્ષા વગર મદદ કરે છે. તેને દૈવી જીવન કહેવામાં આવે છે. ત્યાર પછી માણસના જીવનમાં ત્રણ વસ્તુ પ્રાપ્ત થાય છે. 'આત્મ જ્ઞાન', 'આત્મ અનુષ્ઠાન' અને 'આત્મ ઉત્થાન' તો 'આત્મ જ્ઞાન' એટલે 'પોતાની ઓળખાણ' આપણી આખી જીંદગી બીજાને ઓળખવામાં જ પસાર થઈ જાય છે. જે વ્યક્તિમા 'આત્મજ્ઞાન' નથી અને માત્ર શાસ્ત્ર જ્ઞાન છે તે વ્યક્તિની દશા કેવી છે. તો જેમ નેત્રહિન માણસની સામે દર્પણ રાખી દો તો વ્યર્થ જ છે ને ? તેવું છે. તો 'આત્મજ્ઞાન' એટલે શું ? તો 'આત્મજ્ઞાન' એટલે પોતાના જે સ્વાભાવિક ગુણો છે તેની પહેચાન કરવાની છે. આપણા આત્માના સ્વાભાવિક ત્રણ ગુણધર્મો છે. સત્', 'ચિત્ત' અને 'આનંદ'. તો 'સત્' એટલે 'સત્ય સ્વરૂપ' જે અવિનાશી છે. જેનો ક્યારેય પણ વિનાશ નથી તે તો આપને ખ્યાલ જ છે કે આપણો આત્મા અવિનાશી છે. અને 'ચિત્ત' એટલે જોવુ અને જાણવું. 'જ્ઞાતા' અને 'દૃષ્ટા' મહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે ને નખથી શિખા પર્યંત વ્યાપીને જીવ રહ્યો છે. એટલે જાણપણારૂપ છે. એટલે તે 'જ્ઞાન' સ્વરૂપ છે. અને 'આનંદ' એટલે આત્મા પરમાનંદ સ્વરૂપ છે. સુખ અને આનંદ બન્ને અલગ છે. આપણે કહીએ છીએ ને આત્માની અંદર પરમાત્મા રહેલા છે. તેમ પરમાનંદ સ્વરૂપ છે. માટે જ કહેવામાં આવે છે કે 'શાશ્વત સુખ' પોતાની અંદર જ રહેલું છે. આ સ્વાભાવિક ગુણો તો દરેક જીવ માત્રમાં રહેલા છે જ પણ જેટલે અંશે જે વ્યક્તિને માયાનું આવરણ ઓછું છે તેટલા પ્રમાણમાં તે વ્યક્તિ તેને ઓળખી શકે છે. હવે 'આત્મ અનુષ્ઠાન' એટલે શું ? તો આત્માના 'જ્ઞાન સ્વરૂપ'ના ગુણના આધારે પોતાની અંદર જે સારા ગુણો અને અવગુણો રહેલા છે તેને ઓળખવાના છે. અને મહારાજે આપણને જે આપણા સદ્‌ગુણો ઓળખવાની જે શક્તિ આપી છે તેના માધ્યમથી તે ગુણોને ઓળખીને તેને નિખારવાનો પ્રયત્ન કરવાનો છે. તેને 'આત્મ અનુષ્ઠાન' કહેવાય છે. ત્યાર બાદ આવે છે. 'આત્મ ઉત્થાન' તો 'આત્મ

ઉત્થાન' એટલે ઉપર ઉઠવું. એક લક્ષ્ય નક્કી કરવાનું અને પરમાત્મા તરફ ઊંચે જવું ભૌતિક દષ્ટિએ નહિ. ભૌતિક દષ્ટિએ તો મહારાજે જે આપ્યું છે તેમાં જ સંતોષ રાખવાનો છે. પરંતુ આધ્યાત્મિક ઉત્થાન કરવાનું છે. તેને 'આત્મ ઉત્થાન' કહેવામાં આવે છે. અને આ ત્રણે વસ્તુ માણસની અંદર જ્યારે આવી જાય ત્યારે માણસ ખરેખર સાચા અર્થમાં માણસ બની જાય છે. તેના માટે સાત્વિક બુદ્ધિની જરૂર પડે છે. અને જ્યારે 'અહમ્‌નો ભાવ નીકળી જાય છે ત્યારે બુદ્ધિ સાત્વિક થાય છે. મોટપ બહુ નડે છે. તે જ મિટાવી દેવાની છે. પોતાની જાતને જેટલી મોટી સમજશો તેટલા ભગવાન આપણાથી દૂર થતા જશે.

પાણીને સ્થિર રહેવું હોય તો ઉંચુ જાય ત્યારે ટકતું નથી. તેના માટે નીચે આવવું જ પડે છે. તેવી રીતે વાંસ કેટલો બધો ઉંચો હોય છે. જ્યારે જંગલમાં એક વાંસ સાથે બીજા વાંસ ઘસાય છે ત્યારે પોતાના કુટુંબને પરિવારને જ સળગાવી દે છે. આગ લાગે છે. તેનામાં અગ્નિ તત્ત્વની પ્રધાનતા હોય છે. તેવી રીતે પરિવારમાં પણ થતું હોય છે. થોડોક અહંકાર નડ્યો કે તરત ક્રોધ આવી ગયો કે હું કહું તેમ જ થવું જોઈએ. તેમ અહંકારી વ્યક્તિ બોલે છે. તો આપણે અહંકાર કાઢવાનો છે. આપણે કોણ છીએ ? જે છે તે ભગવાને આપેલું છે. આપણે જે શ્વાસ લઈએ છીએ તેના માટે પણ પરમાત્માના ઋણી છીએ. આપણને મહારાજે જે આપ્યું છે તેના થકી આપણે બીજાને આપીએ છીએ. જે વ્યક્તિ મુશ્કેલીમાં હોય છે અને સાચા હૃદયથી અને સાચી શ્રધ્ધાથી પ્રાર્થના કરે છે તો મહારાજ તેની સહાય કરે છે. પરંતુ મહારાજ પ્રગટ થાય તો આપણે તેમના તેજને સહન કરી શકીએ નહિ. મહારાજ માટે તો બધુ જ શક્ય છે. પરંતુ પરમાત્મા કોઈને નિમિત્ત બનાવી દે છે. પરમાત્માને લાગે કે આ વ્યક્તિ આ વ્યક્તિના દુઃખને સમજીને મદદ કરી શકશે. એવા સદ્‌ગુણો ધરાવતા માણસને પ્રેરણા કરે છે. જેના લીધે આપણને પ્રેરણા મળે છે. અને પરમાત્મા આપણને નિમિત્ત બનાવે છે. અને આપણે બીજાને મદદ કરી શકીએ છીએ. જેની જેવી લાયકાત હોય છે તે પ્રમાણે મહારાજ તેને આપે છે. જેવા વાસણ લઈને જઈએ તેટલું પાણી મળે છે. અને બીજું ખાસ એ ધ્યાન રાખવાનું છે કે આપણે જ્યાં બેઠા છીએ તેવી જગ્યા આખા બ્રહ્માંડમાં છે જ નહિ. એટલું સમજવાનું કે આપણે કેટલા ભાગ્યશાળી છીએ રોટલી માગી અને માલપુવા મળી ગયા છે. મહારાજના ચરણ સિવાય ક્યાંય સાચી શાંતિ છે જ નહીં. જે ભગવાનના સાચા ભક્ત છે તે ક્યારેય દુઃખી થતા નથી. આત્માથી ક્યારેય દુઃખી થવાના નથી. (જે બિમાર હોય છે તે પણ જે થોડીક કચાશ રહી ગઈ હોય છે તેને સમજાવવા માટે હોય છે.)

●

## સ્વરૂપ નિષ્ઠા

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

નિષ્ઠા એટલે આશરો કહો, નિશ્ચય કહો, અચળ ભરોસો કહો, સંપૂર્ણ વિશ્વાસ કહો કે ભગવાનનો આધાર કહો, કે સ્વરૂપ નિષ્ઠા કહો. પ્રાયઃ સમાનાર્થી શબ્દોમાં શ્રીહરિએ વચનામૃતમાં પ્રયોગ કર્યા છે. આ નિષ્ઠા કલ્યાણ માટે અને આલોકમાં સુખીયા રહેવા માટે અતિ અનિવાર્ય છે. નિષ્ઠા સર્વેનું મૂળ છે. આખો આધ્યાત્મિક માર્ગ નિષ્ઠાના પાયા પર રહેલો છે. આધ્યાત્મિક તમામ કાર્યોનું મૂળ નિષ્ઠા છે. શ્રીહરિએ વચનામૃતમાં તો ચોખા શબ્દોમાં કહ્યું છે કે જીવને જેટલી પોતાના ઈષ્ટદેવ જે પરમેશ્વર તેને વિશે નિષ્ઠા હોય તેટલો જ આત્મા અનાત્માનો વિવેક થાય છે. પણ ઈષ્ટદેવના બળ વિનાનો તો કોઈ સાધન સિધ્ધ થતા નથી. જેને જેટલી પોતાના ઈષ્ટદેવને વિશે નિષ્ઠા છે તે તેટલો જ સિધ્ધ થાય છે. તેટલો જ તે મોટો થાય છે. ને તેમાં સામર્થ્ય કે દૈવત આવે છે. નિષ્ઠા પ્રમાણે જ ભગવાન જીવને આમથી મોટપ અને ગુણો આપે છે. અરે ! ભક્તિ, ધર્મ અને જ્ઞાન આદિક તમામ સાધનો નિષ્ઠાવાળાને જ તત્કાળ સિધ્ધ થાય છે. કલ્યાણના કાર્યનું મૂળ નિષ્ઠા છે.

મૂળ જેટલું મજબુત તેટલું વૃક્ષ મજબૂત. તેમ નિષ્ઠા જેટલી મજબૂત એટલો ભક્ત બળવાન થશે. નિષ્ઠા એવું મજબૂત થડ છે. જેની ડાળીઓમાં ધર્મ જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, દિવ્યતા, સરળતા, નિષ્કામતા, નિર્ભયતા, જેવા અમૃત ફળ પાકે છે. આ ફળોની અંદર ભરેલો રસ એટલે જ મહિમા. જેટલો મહિમા મજબૂત એટલી નિષ્ઠા બળવાન. નિષ્ઠા તો આધ્યાત્મિક માર્ગનો શ્વાસ છે. શ્વાસ બંધ થતાં જેમ આંખ, કાન, હાથ, પગ કોઈ કામ ન કરે અને મૃત્યુ થાય છે. તેમજ ભગવાન કે મોટા સંતોની નિષ્ઠા તૂટતા વ્યક્તિનું સત્સંગમાંથી મૃત્યુ થાય છે. નિષ્ઠા એજ જીવન છે. નિષ્ઠામાં ખામી હોય એટલી જીવનની તમામ બાબતોમાં ખામી રહે છે. જેની નિષ્ઠા નબળી તેટલો તેને ધર્મ ઢીલો તથા વૈરાગ્ય,

જ્ઞાન, ભક્તિ, શ્રધ્ધા વગેરે નબળા રહે છે. તેનાથી આજ્ઞા પળતી નથી. તેનો જીવ પણ બળ્યો થતોનથી ને સેવા પણ થઈ શકતી નથી. આમ નિષ્ઠાની નબળાઈ બધેજ નડે છે. નિષ્ઠા પાયો છે. પાયો જેટલો મજબૂત એટલું આખું બિલ્ડીંગ મજબૂત.

નિષ્ઠા આધ્યાત્મિક માર્ગનો ઓક્સિજન છે. નિષ્ઠા વિના કલ્યાણ અશક્ય છે. માટે દરેક વ્યક્તિએ નિષ્ઠાની ખામી તપાસીને વહેલી તકે ટાળવી જોઈએ. એકડા વિનાના મીંડાની કોઈ કિંમત નથી. તેમ નિષ્ઠા વિનાની વાત કે સાધન અંતે સુખી કરતા નથી. નિષ્ઠા વિનાના તમામ સાધન દુઃખનું કારણ છે. દુર્યોધન પાસે વિશાળ સત્તા હતી છતાં આખી જીંદગી દુઃખી રહ્યો. રાવણ પાસે વિશાળ કુટુંબ હતું છતાંયે દુઃખી હતો. સગર રાજાને ૬૦ હજાર પુત્રો હતા. છતાંય કાંઈ કામ ન આવ્યા.

ઘણા માણસો સંપત્તિ ને આશરે, સત્તાને આશરે સગા સંબંધીને આશરે, શરીરને, વિશાળ કુટુંબને આશરે સુખી થવા ઈચ્છે છે. પણ આ તમામ નો આશરો કે બળ અંતે વાદળની છાયા જેવા છે. પવનનાં એક ઝપાટે વાદળો વિખાઈ જાય છે. તેમ કાળના એક ઝપાટે ભગવાન સિવાયનો તમામ આશરો આધાર નાશ પામે છે. માટે સુખી થાવું હોય, નિર્ભય બનવું હોય તો એક સર્વોપરિ શ્રીહરિ ભગવાનની જ નિષ્ઠા રાખવી.

પ્રગટ ભગવાનમાં નિષ્ઠા કરવી એ લોઢાના ચણા ચાવવા જેવી કઠણ છે. જેને પ્રગટમાં નિષ્ઠા થાય તેના વિષય વાસનાદિક દોષો તત્કાળ જીતાય છે. જે ધામમાં છે તે જ આ પ્રગટ ભગવાન અને પ્રગટ સંતો છે. પ્રગટ નો સ્વીકાર કરવો તેને જ નિષ્ઠા કહેવાય. ગમે તેવો પાપી હોય પણ પ્રગટમાં નિષ્ઠા બંધાય તો તે વાલીયા લૂંટારા કે જોબન પગીની જેમ પુણ્યવાન બની જાય છે.

ધર્મનિષ્ઠા અને સ્વરૂપનિષ્ઠા આ બંને નિષ્ઠામાં સ્વરૂપ નિષ્ઠા ને જ મહારાજે બિરદાવી છે. અને વખાણી છે. દેશકાળ આદિક કઠણ આવે કે ધર્મસંકટ હોય તો ધર્મનિષ્ઠા વાળો યુધિષ્ઠિરની જેમ મુંઝાય પણ સ્વરૂપનિષ્ઠાવાળો અર્જુનની જેમ અખંડ આનંદમાં રહે છે. માટે નિષ્ઠા મજબુત રાખજો. ભગવાનની એવી દૃઢ નિષ્ઠા છે તેન કાળ, કર્મ કે માયા ભગવાન કે ભગવાનના ભક્ત ને પીડી ન શકે. આવી નિષ્ઠાવાળો ભક્ત ભગવાનને બહુ ગમે છે. બહુ વ્હાલો છે. જેની ભગવાન પરાયણ જીંદગી છે, જે ભગવાનને આધારે જીવે છે એવા નિષ્ઠાવાન ભક્તની ભગવાન સ્વયં રક્ષા કરે છે. આવી નિષ્ઠાની તાકાત છે. માટે નિષ્ઠાવાન છે તેજ મહાન છે.

નિષ્ઠા અને ચિંતાને વેર છે. જો નિષ્ઠા મજબુત હોય તો ચિંતા ન રહે. ચિંતા રહેતી હોય તો નિષ્ઠામાં ખામી છે. નિષ્ઠા અને ચિંતા આ બંને એક સાથે ક્યારેય ન રહે. નિષ્ઠા આવે તો ચિંતા, શોક, ઉદ્વેગ, આદિક તમામ દોષો જાય, જાય ને જાયજ .......... ! જેમ બિલાડી અને ઉંદર તથા નોળિયો અને સર્પને સ્વભાવિક વેર છે. તેમ નિષ્ઠા અને ચિંતાને વેર છે. જેમ મહાભારતના યુધ્ધમાં નવમા દિવસે ભીષ્મે પ્રતિજ્ઞા લીધી છતાં અર્જુનજી શાંતિથી સૂતા હતા. ભગવાને તેમને જગાડ્યા અને કહ્યું “અર્જુન ! શું તુ ભીષ્મની શક્તિ અને પ્રતિજ્ઞા સામાન્ય માને છે ?” ત્યારે અર્જુને કહ્યું, “પ્રભુ, ભીષ્મપિતા તેની શક્તિ અને પ્રતિજ્ઞા હું સામાન્ય નથી માનતો, પણ સાથો સાથ તમારા સામર્થ્યને શક્તિને પણ જાણું છું. ને તમે મારી સાથે છો માટે કાલે સંગ્રામમાં એક નહિ સો ભીષ્મપિતા આવે તો પણ મને ચિંતા નથી. મારા પ્રભુ જ કર્તા છે. તે ધારે એજ થાય. તેની ઈચ્છા વિના કોઈથી તરણું ન તોડાય. એટલું જ નહિ, ભગવાન તો મારા હિત કર્તા છે. કેમ જે હું એમનો દાસ છું. માટે હું સૂતો છું. આવી નિષ્ઠા અર્જુનને હતી.

હવે આપણું તપાસો. આપણને ચિંતા રહે છે ? હર્ષ-શોક થાય છે ? તો આ ત્રણમાંથી એક ખામી હશે તેને ઓળખો અને ટાળો. ગોપાળાનંદ સ્વામી કહેતા કે, “આ જીવને પ્રાકૃત પદાર્થની જેવી પ્રતીતિ આવે છે તેવી ભગવાનમાં પ્રતીતિ આવતી નથી વિશ્વાસ આવતો નથી. આ નિષ્ઠાની કચાશ છે.

લોયાના ત્રીજા વચનામૃત મુજબ પાંચ વાના હોય તે જ સાચો નિષ્ઠાવાન ભક્ત છે. (૧) ભગવાનને ભગવાનનાં સંતને અર્થે સર્વસ્વનો ત્યાગ કરે. તેની માટે તેને કશું જ અશક્ય ન હોય. (૨) નિષ્ઠાવાન ક્યારેય ભગવાન કે મોટા સંતની આજ્ઞામાં ફેર પાડે નહીં. (૩) એની કોરનો એને કેફ વર્તે ગોલીડાના રાણારાજગરની જેમ હૈયામાં તેનું બળ હોય, પાવર હોય, (૪) મહિમા બહુ સમજે. કઠલાલની

ડોશીની જેમ. (૫) ભક્તનો ગમે તે રીતે દેહ પડે પણ તેનું કલ્યાણ જ થાય. તેની અધોગતિ થાય જ નહિ. એમ રહે. આ પાંચ વાના હોય તો જ નિષ્ઠા પાકી કહેવાય. જો ખામી હોય તો વહેલી તકે સુધારો ને નિષ્ઠામાં કચાશ હોય તો વહેલી તકે ટાળવી. ને નિષ્ઠાવાન બનો.

●

**અંતરમાં અજવાળા કરતી, જ્યોત જગાવતી આવી દિવાળી.....**

- પટેલ લાભુબેન મનુભાઈ

દિવાળી એટલે વૈશ્યોના ચોપડા-પૂજનનો દિવસ. સમગ્ર વર્ષનું સરવૈયું કાઢવાનો દિવસ, આ દિવસે માનવે જીવનનું પણ સરવૈયું કાઢવું જોઈએ. રાગ-દ્વેષ, વેર-ઝેર, ઈર્ષ્યા, મત્સર કે જીવનમાંથી કટુતા દૂર કરી નવા વર્ષને દિવસે પુરાંતમાં પ્રેમ, શ્રદ્ધા અને ઉત્સાહ રહે તેનું ધ્યાન રાખવું જોઈએ.

દિવાળી એટલે દીપોત્સવ, બહાર તો દીવા પ્રગટાવવાના જ પરંતુ ખરો દીવો તો દિલમાં પ્રગટવો જોઈએ. દિલમાં જો અંધારું હોય તો બહાર પ્રગટાવેલા હજારો દીવડાઓ નિરર્થક બની રહે છે. દીવો એ જ્ઞાનનું પ્રતિક છે. દિલમાં દીવો કરવો એટલે ચોક્કસ પ્રકારની સમજણ પૂર્વક દિવાળીનો ઉત્સવ ઉજવવો. ધનતેરસનાં દિવસે મહાલક્ષ્મીની પૂજા કરવાની, કાળી ચૌદશને દિવસે જીવનમાં નરક સર્જનારા આળસ, પ્રમાદ, અસ્વચ્છતા, અનિષ્ટ વગેરે નરકાસુરોને મારવાના, દિવાળીને દિવસે 'તમસો મા જ્યોતિર્ગમય' મંત્રની સાધના કરતાં કરતાં જીવનપથ પ્રકાશિત કરવાનો, જીવનના ચોપડાનું સરવૈયું કાઢતી વખતે જમા પાસે ઈશ્વરકૃપા રહે તે માટે પ્રભુ કાર્યના પ્રકાશથી જીવનને ભરી દેવાનું.

હૃદયના મંદિરમાં, દિલમાં દીપ પ્રકટાવો ! દિવાળી એટલે દેહના દીપને અજવાલે દીપ પ્રકાશ ફેલાવે છે. જીવનના અંધારા ઓરડામાં દીપ શ્રદ્ધાનો, ભક્તિનો પ્રકટાવીએ તો જીવન દિવાળી બને. દિવાળી દીવડાં પ્રકાશનું પર્વ છે. દિલમાં પડેલી રાવણ વૃત્તિને પરાસ્ત કરી શુભ ભાવનાઓમાં રમીયે તો જ દિવાળી મનાવાય. દિવડાં જીવન પંથ ને પ્રકાશિત કરવા માટે થાય છે. જે દિ'વાળે તે દિવાળી. કોડિયું તો નાનું છે. દિવેટનું પણ ગજુ કેટલું નાનકડી આ વાટને પ્રકટાવતાં જ બાજુનું અંધારું નાસી જાય છે. પ્રકાશ, પ્રકાશ ફેલાય છે. જીવનની વાટને પણ સંકોરવાની જરૂર છે.

દિલનો દીપ જલ્યા તો સમજો કે દિવાળી આવી ! બાકી જિંદગીના કેલેન્ડરમાંથી રોજ એક પત્તું ફાટી જાય છે. બાકી નો કચરો કચરાપેટીમાં જાય છે. જીવન કેલેન્ડર જેવું છે ભાઈ !

૧૪ વર્ષના વનવાસ પછી ભગવાન શ્રીરામ અયોધ્યા પરત આવ્યા લોકોના મનમાં આનંદ થયો. અયોધ્યામાં દિવાળી આવી ગઈ. લોકોએ ઘેર ઘેર દીવડાં પ્રકટાવી આનંદ પ્રકટ કર્યો. દિવાળીનું પર્વ ત્યારથી ઉજવવાનો રિવાજ છે.

નવું વર્ષ એટલે સમગ્ર વર્ષ દરમ્યાન આપણે કરેલા કાર્યોનું સિંહવલોકન કરીને આગામી વર્ષ માટે શુભ સંકલ્પ કરી તેને પૂર્ણ કરવાનો નિર્ધાર કરવાનો અમૂલ્ય અવસર.

નૂતન વર્ષે કેલેન્ડર બદલવામાં આવે છે. આપણા જીવનરૂપી કેલેન્ડરમાંથી દિન-પ્રતિદિન અમૂલ્ય જીવનનું એક-એક કરતાં અનેક પાનાં ઓછા થતાં જાય છે. તેનો આપણે વિચાર કરીએ છીએ ખરા ? મનુષ્ય જીવનની એક એક ક્ષણ મૂલ્યવાન છે. જે ક્ષણ ગઈ તે કદી પાછી આવવાની નથી. તેથી જ કહેવાયું છે કે,

**"સંપત ગઈ તે સાંપડે, ગયા વળે છે વાણ,**
**ગત અવસર આવે નહિ, ગયા ન આવે પ્રાણ."**

તેથી આપણને જે અવસર-સમય મળ્યો છે તેનો સદુપયોગ કરી લેવો જોઈએ. જે સમયને બરબાદ કરે છે તેને સમય બરબાદ કરી નાંખે છે. સમયનો સદુપયોગ કરનાર જ જીંદગીને જીતી જાય છે. કારણ કે જીંદગીએ સમયની જ બનેલી છે ને, મનુષ્ય પાસે ઈશ્વરે આપેલી સંપત્તિ છે. સમય સંસારની સૌથી મૂલ્યવાન સંપત્તિ છે. સમયનો સદુપયોગ કરનાર વ્યક્તિ ક્યારેય અસફળ થઈ શકતી નથી.

દિવાળીનાં દીવડાં આપ સર્વના હૃદયમાં પ્રભુ પ્રેમનો પુનિત પ્રકાશ પાથરે. અને આપ સર્વનું જીવન ઉન્નતિ કારક અને શ્રેયસ્કર માર્ગે વ્યતિત થાય તેવી પરમકૃપાળુ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણોમાં નમ્ર પ્રાર્થના.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ ''ગમે તેવું ભારે દુઃખ આવી પડે પણ તેણે કરીને પાછો પડે નહિ, એવો જે ગૃહસ્થ તે અતિ શ્રેષ્ઠ છે અને સૌ કરતા ભગવાનના ભક્ત થાવું એ ઘણું કઠણ છે અને ભગવાનના ભક્તનો સમાગમ ઘણો દુર્લભ છે.''... શ્રીજી મહારાજે ક્યા વચનામૃતમાં આ વાત કરી છે ?

પ્ર. ૨ ''એ વ્યસન તો કર્યા થાય છે પણ પ્રારબ્ધે કરીને નથી. માટે જે એ વ્યસનને ટાળ્યાનો શ્રધ્ધા સહિત આગ્રહ કરે ને શુરવિરપણુ હોય તો તે ટળી જાય.'' શ્રીજી મહારાજે આ વાત ક્યા ગામમાં કરી હતી ?

પ્ર. ૩ શ્રીહરિચરિત્રામૃત ગ્રંથની રચના કોણે કરી છે તથા તેમાં સંવાદ કોનો છે ?

પ્ર. ૪ શ્રીહરિ મછીયાવ ગામે પધાર્યા. બાપુભાઈએ ભવ્ય સ્વાગત કર્યું, સંતો ખૂબ રંગે રમ્યા. નદીમાં નાહ્યા, પછી સંતને જમાડીયા, ત્યારબાદ સભામાં બિરાજમાન થયા તે પ્રસંગે સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામીને શું કહ્યું જેની નોંધ શ્રીહરિચરિત્રામૃતમાં ક્યા અધ્યાયમાં છે ?

પ્ર. ૫ ''એ ભોર થોરે આયે ધામ મોરે, નંદકિશોરે.... એ ભોરથોર સઘરી રેન કહાં જાગે હો કાન, સાચી કહો તુમ મોરે પ્રાન દ્રગન ચોરે..... એ ભોર થોરે'' - સુંદર પંકિતના રચયિતાનું નામ જણાવો ?

પ્ર. ૬ શ્રીજી મહારાજ દાદાખાચરને પરણાવવા ગયા. મહારાજે પૂછ્યું દાદા બધાએ તમને હાથ ગરણું કર્યું અમે શું કરીએ ? ત્યારે દાદાખાચરે શું કહ્યું ?

પ્ર. ૭ નડીયાદમાં સ્વામિનારાયણ ભગવાનની મુલાકાત ખ્રિસ્તી ધર્મના વડા સાથે થઈ હતી. તેમનું નામ શું હતું ?

## ઓકટોબર-૨૦૧૫ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) વ.ગ.મ. ૨૭. (૨) ઝીણાભાઈની પાલખી ઉપાડીને દામોદરકુંડે લાવી અગ્નિસંસ્કાર કર્યો. (૩) પાર્વણ અને એકોદ્રિષ્ટ શ્રાધ્ધ. (૪) સ.ગુ. પ્રેમાનંદ સ્વામી. (૫) ''અમને ઓળખો છો સેવકરામ, અમે વનમાં તમારી ખૂબ સેવા કરી હતી. અત્યારે સ્વામિનારાયણ નામથી પ્રસિદ્ધ થયા છીએ. ''આ તમારો દેહ હવે પડી જશે અને ભાલ પ્રદેશમાં ઝીંઝર ગામે ખોડાભાઈ નામે પ્રસિદ્ધ થશો.'' (૬) ગાજરના અથાણા ઉપર પડ્યાને સુરાખાચર કીર્તન બોલ્યા ''ગાજરડાં મારા વેરી રે....'' (૭) ''અડધો અમારો પ્રસંગ કરો છો અને અર્ધો જગતનો પ્રસંગ કરો છો તે માટે ભગવાનને વિષે દૃઢ પ્રીતિ થતી નથી.''

૧ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૨ મહંત શાસ્ત્રી સ્વામી પ્રેમપ્રકાશદાસજી (હિંમતનગર)
૩ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૪ પટેલ ધરમશીભાઈ નરસીભાઈ (મેમનગર)
૫ પટેલ મગનભાઈ મોહનભાઈ (હિંમતનગર)
૬ ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૭ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા-કડી)
૮ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૯ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૧૦ બ્રહ્મભટ્ટ દેવયાની અવિનાશભાઈ (મેમનગર)
૧૧ સોની રંજનબેન કાંતિલાલ (મેમનગર)
૧૨ પટેલ હિતેશ રાજેન્દ્રભાઈ (આણંદપુરા)
૧૩ પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૧૪ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા)
૧૫ પટેલ વલ્લભભાઈ શિવાભાઈ (સોજા)
૧૬ દરજી સંગીતા કલ્પેશભાઈ (કાલુપુર)
૧૭ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૧૮ સોની પલ્લવીબેન આર. (સુરેન્દ્રનગર)
૧૯ ઝોલાપરા શોભના કે. (સુરેન્દ્રનગર)
૨૦ સાં.યો. હીરાબેન (જોરાવરનગર)
૨૧ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર)
૨૨ ખંધેડીયા ભાવનાબેન કમલેશભાઈ (મોરબી)
૨૩ સાં.યો. રાજકુંવરબા, સાં.યો. ઉષાબા (મોરબી)
૨૪ સાં.યો. મંજુબા, ભારતીબા (કાલુપુર હવેલી)
૨૫ સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૨૬ ભાવસાર દિપીકાબેન કિરણકુમાર (નારણપુરા)
૨૭ ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૨૮ ભાવસાર નિકીતા બી. (કાલુપુર)
૨૯ ભાવસાર અરવિંદાબેન નરેશભાઈ (ચાંદલોડિયા)
૩૦ ચોકસી ઈલાબેન નરેન્દ્રકુમાર (દરિયાપુર)
૩૧ ચોકસી નરેન્દ્રકુમાર શાંતિલાલ (દરિયાપુર)
૩૨ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાલ)
૩૩ બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ (ઝુલાસણ)
૩૪ સાં.યો. દર્શનાબેન ગુરુ સુરજબા, ઝવેરબા (વાવોલ)
૩૫ પટેલ શારદાબેન હસમુખભાઈ (વાવોલ)
૩૬ પટેલ ઉષાબેન મંગળદાસ (વાવોલ)
૩૭ પટેલ મંજુલાબેન નટવરભાઈ (ડાંગરવા)
૩૮ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૩૯ પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૪૦ પટેલ લલિતાબેન જે. (અમદાવાદ)
૪૧ પટેલ મિનાબેન કમલેશભાઈ (કુહા)
૪૨ ધીરૂભાઈ પી. કોઠારી (અમદાવાદ)
૪૩ મીનાબેન એમ. પટેલ (અમદાવાદ)

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શરદોત્સવ ઉજવાયો**

પરમકૃપાળુ શ્રીનરનારાયણદેવના શુભ સાંનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી આસો સુદ-૧૫ શરદ પૂર્ણિમાના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરના પ્રસાદીના વિશાળ સુંદર ચોકમાં શ્વેત વસ્ત્રોથી શોભાયમાન મંડપમાં વિવિધ સ્ટીલનેસ સ્ટીલના પાત્રોની વિવિધ ગોઠવણી સાથે ઠાકોરજીને બિરાજમાન કરી શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ દ્વારા પરંપરાગત ઓચ્છવ થયો હતો. ત્યારબાદ ઉત્સવની પૂર્ણાહુતિ કરીને ઠાકોરજીની આરતી ઉતારીને સૌ સંત-હરિભક્તોએ અલૌકિક લાભ લીધો હતો.

દરેક ભક્તોને દુધ પૌંવાનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. પૂ. મહંત સ્વામીની પ્રેરણા માર્ગદર્શનથી કોઠારી જે.કે. સ્વામી અને સંત મંડળે સુંદર આયોજન કર્યું હતું.

(શા.સ્વા. નારાયણમુનિદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ ખાતે આગામી શ્રી ઘનશ્યામ મહોત્સવના ઉપલક્ષમાં થયેલ વિવિધ કાર્યક્રમો**

**(૧) શ્રી સ્વામિનારાયણ મંદિર ધમાસણામાં ૧૫૧ મિનિટની મહામંત્ર ધૂન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. મહંત શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર)ની પ્રેરણાથી આગામી તા. ૨૪-૨-૨૦૧૬ થી ૨૮-૨-૨૦૧૬ દરમ્યાન શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ ખાતે શ્રી ઘનશ્યામ મહોત્સવ મહોત્સવ ધામધૂમથી ઉજવાશે. આ પ્રસંગના ઉપલક્ષમાં ધાર્મિક તથા ૧૧ સામાજીક કાર્યક્રમો અંતર્ગત શ્રી સ્વામિનારાયણ મંદિર ઘમાસણા ખાતે સંત-હરિભક્તોએ મળી ૧૫૧ મિનિટની મહામંત્ર ધૂન કરી હતી. આ પ્રસંગે નારાયણઘાટ મંદિરથી પધારેલા સંતોમાં શા. દિવ્યપ્રકાશદાસજીએ જનમંગલ નામાવલિનો મહિમા સમજાવી પાઠ કરાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં ગ્રામજનો યુવકમંડળ આદિ સૌએ મોટી સંખ્યામાં કથાવાર્તા અને ધૂનનો લાભ લીધો હતો.

(કોઠારીશ્રી ધમાસણા)

**(૨) શ્રી સ્વામિનારાયણ મંદિર ન્યુ રાણીપ ૧૫૧ મિનિટની મહામંત્ર ધૂન**

શ્રી સ્વામિનારાયણ મંદિર ન્યુ રાણીપ ખાતે નારાયણઘાટ મંદિર શ્રી ઘનશ્યામ મહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ૧૫૧ મિનિટની ધૂનમાં નારાયણઘાટ મંદિરથી શા. સ્વામી દિવ્યપ્રકાશદાસજી તથા શા. કૂંજ સ્વામીએ સૌ પ્રથમ કથાવાર્તાનો લાભ આપી જનમંગલના પાઠ કરાવી ૧૫૧ મિનિટની મહામંત્ર ધૂનની ઠાકોરજીની આરતી ઉતારીને પૂર્ણાહુતિ કરી હતી. ન્યુ રાણીપના સમસ્ત હરિભક્તો, યુવક મંડળ આદિ એ ધૂનમાં લાભ લીધો હતો.

(ન્યુ રાણીપ શ્રી ન.ના.દેવ યુવક મંડળ - પ્રમુખશ્રી)

**(૩) વાડજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૧૫૧ મિનિટની ધૂન**

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર વાડજ ખાતે શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટના આગામી શ્રી ઘનશ્યામ મહોત્સવના ઉપલક્ષમાં ૧૫૧ મિનિટની મહામંત્ર ધૂનમાં નારાયણઘાટ મંદિરથી સંતો પધાર્યા હતા. શા. સ્વામી કુંજવિહારીદાસજી તથા શા.સ્વા. દિવ્યપ્રકાશદાસજીએ સભામાં જનમંગલ પાઠનો મહિમા સાથે પાઠ કરીને કથા વાર્તા કરી હતી. વાડજના સમસ્ત હરિભક્તોએ ધૂનનો લાભ લીધો હતો.

સંતોએ જણાવ્યું કે નારાયણઘાટ મંદિરના દરેક ઉત્સવમાં વાડજના ભક્તોનો મોટો સાથ સહકાર હોય છે. એજ રીતે આગામી આ ઉત્સવમાં પણ અત્રેથી સૌ ભક્તો

દ્વારા તમામ પ્રકારની સેવા કરવા હરિભક્તો તત્પર છે.

(પંકજભાઈ ભાવસાર)

**(૪) શ્રી સ્વામિનારાયણ મંદિર મોટેરામાં ૧૫૧ મિનિટની ધૂન**

શ્રી સ્વામિનારાયણ મંદિર મોટેરા ખાતે શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટના આગામી શ્રી ઘનશ્યામ મહોત્સવના ઉપલક્ષમાં તા. ૧૮-૧૦-૧૫ રવિવારના રાત્રે ૮ થી ૧૧ દરમ્યાન ૧૫૧ મિનીટની શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરવામાં આવી હતી. ગામના તમામ ભક્તોએ ધૂનમાં બેસી લાભ લીધો હતો. આ પ્રસંગે નારાયણઘાટ મંદિરથી શા. સ્વા. કુંજવિહારીદાસજી તથા શા.સ્વા. દિવ્યપ્રકાશદાસજીએ પધારી કથાવાર્તા સાથે જનમંગલ પાઠ કરાવી તેનો મહિમા પણ સમજાવ્યો હતો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે તથા ગામના સમસ્ત હરિભક્તોએ આ ઉત્સવમાં તન, મન અને ધનથી સેવા કરવા તત્પરતા બતાવી હતી. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ વતી મયુરભાઈ પટેલ)

**(૩) નારણઘાટ મંદિરમાં વૃક્ષારોપણ**

શ્રી ઘનશ્યામ મહોત્સવના ઉપલક્ષમાં તા. ૪-૧૦-૨૦૧૫ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ ખાતે પર્યાવરણના એક સુંદર ભાગ રૂપે વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવેલ. પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ૨૦૦૦ વૃક્ષોના પ્લાન્ટ મોટેરા, સાબરમતી, વાડજ, રાણીપ, ન્યુ રાણીપ, મેઘાણીનગર, ઘાટલોડીયા, બાપુનગર, ઝુંડાલ ગામના હરિભક્તોને પ્રસાદીરૂપે અપાયા હતા અને તેનું જતન કરવા પણ ખાસ સૂચન કર્યું હતું. સાથે સાથે નિજ મંદિરના ચોકમાં વૃક્ષારોપણ કર્યું હતું. (શા. દિવ્યપ્રકાશદાસ નારાયણઘાટ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા શ્રી ગણપતિ વિસર્જન વરઘોડો**

કાંકરિયા મંદિરમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણ હરિકૃષ્ણ મહારાજના શુભ સાનિધ્યમાં તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ અત્રેના મહંત સ.ગુ. સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા શા. આનંદ સ્વામીની પ્રેરણાથી જલઝીલણી એકાદશીના રોજ શ્રીહરિકૃષ્ણમહારાજ તથા શ્રી ગણપતિદાદાની ભવ્યાતિ ભવ્ય રથયાત્રા વાજતે ગાજતે સમગ્ર મણીનગર વિસ્તારમાં ફરીને કાંકરિયા તળાવે શ્રીહરિની પ્રસાદીની જગ્યાએ પહોંચી હતી. જ્યાં ઠાકોરજીની આરતી કરી ઓચ્છવ મંડળે ઓચ્છવ કર્યો હતો. સંતોએ શ્રીહરિનો મહિમા સમજાવ્યો હતો. ત્યારબાદ જળક્રિડા કરાવી શ્રી ગણપતિજીનું વિસર્જન કર્યું હતું. તમામ ભક્તોને ફળાહાર કરાવ્યો હતો.

<u>ધૂન-ભજન</u>

અત્રે કાંકરિયા મંદિરમાં અ.નિ. સ.ગુ. શા.સ્વા. હરિગોવિંદદાસજીની પુણ્ય તિથિ નિમિત્તે કથાવાર્તા-ધૂન-ભજનનું સુંદર આયોજન થયું હતું. જેમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળની બહેનો ખાસ જોડાયા હતા.

શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને સંતોએ શ્રાધ્ધ પક્ષમાં હરિભક્તોના ઘરે ઘરે રાત્રે ધૂન-ભજન કીર્તન કરી સૌને રાજી કર્યા હતા. (જીજ્ઞેશભાઈ શ્રી ન.ના.દેવ યુવક મંડળ - કાંકરિયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા મહિલા મંડળ દ્વારા શ્રાધ્ધ પક્ષમાં શ્રીહરિ કીર્તન**

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી કાંકરિયા શ્રી નરનારાયણદેવ મહિલા મંડળની બહેનોએ શ્રાધ્ધ પક્ષમાં કાંકરિયા, મણીનગર, બાપુનગર, ઈશનપુર, ઘોડાસર અને જેતલપુર આદિ વિસ્તારોમાં રાત્રે સત્સંગીઓના ઘરે ધૂન-ભજન કીર્તન તથા કથાવાર્તા કરી લાભ આપેલ. જેતલપુર મંદિરથી અવાર-નવાર સાંખ્યયોગી બહેનો કથાવાર્તાનો લાભ આપતા હતા. તમામ સભાઓમાં બહેનોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

(શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચમાં પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ અત્રેના મહંત સ્વામીની પ્રેરણાથી પ.ભ. લાલજીભાઈ ડોબરીયા તરફથી તા. ૨૯-૯-૧૫ થી તા. ૫-૧૦-૧૫ દરમ્યાન કોઠારી સ્વામી

હરિકૃષ્ણદાસજીના વક્તાપદે સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીકૃત ‘‘યમદંડ’’ની સપ્તાહ પારાયણ સંગીતના સુમધુર સૂર સાથે અને દ્રષ્ટાંત-વિવેચન કરી ભક્તોને શ્રવણ કરાવ્યું હતું. આ પ્રસંગે કાલુપુર મંદિર અને કાંકરિયા મંદિરના સંતો પધાર્યા હતા.

(ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલમાં ઉત્સવોની ઉજવણી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદ સહ આજ્ઞાથી અત્રે બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ચાતુર્માસમાં નિયમની એકાદશીના હરિભક્તોએ શ્રીહરિએ બતાવેલ નિયમો ધારણ કર્યા હતા. શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના ઠાકોરજીના સિંહાસનને શણગારી સુંદર રોશની કરી પ્રાગટ્યના કીર્તન ગાયા હતા. બાળકો દ્વારા મટકી ફોડ કાર્યક્રમ સુંદર થયો હતો. અત્રેના હરિભક્તો પણ તન, મન અને ધનથી સેવા કરી ભગવાનને રાજી કરે છે. અત્રેના કોઠારી પ.ભ. અમૃતભાઈ પટેલ, પ.ભ. અરવિંદભાઈ સેંધાભાઈ પટેલ આદિ ઘણા હરિભક્તો ખૂબજ ઉત્સાહી છે.

(પ્રવિણ ઉપાધ્યાય)

**હિંમતનગરના ગામોમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની પધરામણી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રે હિંમતનગર મંદિરના મહંત શા. પ્રેમપ્રકાશદાસજીની પ્રેરણાથી તા. ૪-૧૦-૧૫ ના રોજ હિંમતનગર દેશના ગામડાઓમાં વસતા હરિભક્તોના ઘેર સૌ પ્રથમવાર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. જેમાં ગઢોડા, ખેડ, હિંમતનગર આદિ ગામોના હરિભક્તોના ઘર પાવન કર્યા હતા. હિંમતનગરમાં પ.ભ. દિલીપકુમાર કાંતિલાલના ઘરે ઉતારો કરી સભામાં પધાર્યા હતા. સૌ ભક્તો ઉપર રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા.

પ.ભ. ધર્મિષ્ઠાબેન વસંતભાઈ પટેલ તરફથી ભોજન પ્રસાદની સેવા થઈ હતી. તા. ૧૬-૧૧-૧૫ લાભ પાંચમના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે અત્રે નિર્માણાધિન નૂતન મંદિરના ભૂમિપૂજનની જાહેરાત કરવામાં આવી હતી. (રમેશભાઈ બી. પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા ૨૨ મું જ્ઞાનસત્ર**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા શા. માધવ સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા ખાતે ૨૨ મું જ્ઞાનસત્ર વિવિધતા સભર સુંદર કાર્યક્રમોથી ધામધૂમથી સંપન્ન થયું.

આ ૨૨ માં જ્ઞાનસત્ર અંતર્ગત શ્રીમદ્ ભાગવત સપ્તાહના યજમાન શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન પ.ભ. અંબાલાલભાઈ વાલદાસ પટેલ (વિહારવાળા) પરિવારના નિવાસ સ્થાનેથી પોથીયાત્રા ભવ્યતાથી વાજતે ગાજતે કથાના આગળના દિને સાંજે ૫-૦૦ કલાકે નીકળીને સાંજે ૭-૦૦ કલાકે નારણપુરા મંદિર ધૂન-ભજન કીર્તન કરતા પહોંચી હતી. ૨૦ જેટલા અમદાવાદ મંદિરના સંતો પોથીયાત્રામાં જોડાયા હતા. તા. ૩૦-૮-૧૫ ના રવિવારે કથાનો પ્રારંભ સ.ગુ. મહંત શા.સ્વા. હરિૐપ્રકાશદાસજીના વક્તાપદે થયો.

કથામાં આવતા દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવ્યા હતા. મહિલા મંડળની બહેનો દ્વારા વિવિધ વાનગીઓ ઘરેથી સ્વચ્છ પવિત્ર રીતે બનાવી ઠાકોરજીને અન્નકૂટના રૂપમાં ધરાવેલ.

તા. ૫-૯-૧૫ ના રોજ રૂક્ષ્મણી વિવાહ ધામધૂમથી ઉજવ્યો હતો. શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના રાત્રે ૧-૦૦ વાગ્યા સુધી રાસ ગરબા સાથે જન્મોત્સવ ઉજવ્યો હતો.

તા. ૬-૯-૧૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી દર્શન આપવા પધાર્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ યજમાન પરિવારની સેવાને બિરદાવી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. કથાના સાતેય દિવસ મહાપ્રસાદની સુંદર વ્યવસ્થા સંત-પાર્ષદ મંડળે કરી હતી. સભા સંચાલન શા.કૃષ્ણપ્રકાશદાસ સ્વામી અને પ્રેમસ્વરૂપ સ્વામીએ સુંદર રીતે સંભાળ્યું હતું. ધામોધામના સંતોએ પધારી પ્રસંગને શોભાવ્યો હતો. શ્રી ઘનશ્યામ મંડળના બહેનો અને શ્રી નરનારાયણદેવ યુવક

મંડળે પ્રેરણાત્મક સેવા કરી હતી. સાત દિવસ કથાનું શ્રવણ કરી ભક્તોમાં શુધ્ધ ઉપાસના અને ધર્મકુળની નિષ્ઠા બળવત્તર બની હતી. (પૂજારી શ્રીજીચરણદાસ)

**નારણપુરા મંદિરમાં જલઝીલણી ઉત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રેના સ.ગુ. શા. માધવ સ્વામી અને સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિૐપ્રકાશદાસજીની પ્રેરણાથી ભાદરવા સુદ-૧૧ જલઝીલણી એકાદશીનો સમૈયો નારણપુરા મંદિરમાં ધામધૂમથી ઉજવાયો. જેના યજમાન અ.નિ. જસુબા જયદેવભાઈ બ્રહ્મભટ્ટ પરિવારના પ.ભ. ભાસ્કરભાઈ, ડૉ. મનોજભાઈ (ડિટ્રોઈટ) તથા રાજદિપ વગેરે પરિવારને બપોરે ૧-૦૦ વાગ્યે શ્રી ઠાકોરજી તથા શ્રી ગણપતિજીનું વિધિવત પૂજન ભૂદેવો દ્વારા કરાવ્યું હતું. બપોરે ૨-૦૦ વાગ્યે વરઘોડો ધામધૂમથી ઉત્સવ કરતા સાબરમતી પહોંચ્યો હતો. જ્યાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે કાલુપુરથી પધારેલા ઠાકોરજી અને શ્રી ગણપતિજી સાથે પૂજન અર્ચન કર્યું હતું. બોટ દ્વારા ઠાકોરજીનો જલાભિષેક વિધિવત રીતે થયો હતો. સાંજે ૬-૦૦ કલાકે વરઘોડો પરત આવી ઠાકોરજીનો રાતવાસો યજમાનશ્રી ભાસ્કરભાઈ બ્રહ્મભટ્ટને ઘેર રાખવામાં આવ્યો હતો. રાત્રે ધૂન ભજન કીર્તનની રમઝટ કરી રાસ રમી ઉત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. (કોઠારી મયુર ભગત)

**ઈડર દેશમાં સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા ઈડર મંદિરના મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી અત્રે ઈડર દેશમાં અધિક માસ અને શ્રાવણ માસમાં ફિચોડ, અરોડા, થુરાવાસ, રતનપર, મણીયોર, સાબલવાડ, ઉગળાજ, ડુંગરી આદિ ગામોમાં ઈડર મંદિરના અજય સ્વામી, શા. શ્રીજીપ્રકાશ સ્વામી આદિ સંતોએ કથાવાર્તા કરી હરિભક્તોને રાજી કર્યા હતા. આ આયોજન સત્યસંકલ્પ સ્વામી દ્વારા થયું હતું. શ્રાવણ માસમાં ભક્તોને ઈડરના ઐતિહાસિક સ્થળો રાજાનો મહેલ, રાણી તળાવ, હિમાલય દર્શન આદિના દર્શન હિંડોળા પ્રસંગમાં કરાવ્યા હતા. જન્માષ્ટમી ઉત્સવ પણ ધામધૂમથી ઉજવ્યો હતો. (પિન્ટુ ભગત)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પેથાપુર દ્વારા ગામડાઓમાં સત્સંગ પ્રવૃત્તિ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર પેથાપુરના મહંત સ્વામી શા. ધર્મપ્રવર્તકદાસજી અને સંત મંડળ દ્વારા ચાતુર્માસમાં મોખાસણ લાંઘણજ અને સાણંદ દેશના ૨૦ ગામોમાં કથાવાર્તા કરી સુંદર લાભ આપેલ. સંતોએ એક દિવસ ક્યાંક બે-ત્રણ દિવસ રહીને કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

મહાપૂજાનું પણ આયોજન કર્યું હતું. દરેક ગામોમાં શ્રીહરિની દ્રઢ ઉપાસના, શ્રી નરનારાયણદેવની નિષ્ઠા અને ધર્મકુળ માહાત્મય સમજાવ્યું હતું. પેથાપુર મંદિરમાં જન્માષ્ટમી ઉત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવાયો.

ધૂન-ભજન કીર્તન કથાવાર્તા કરી રાસોત્સવે રમી રાત્રે ૧૨-૦૦ કલાકે જન્મોત્સવની આરતી કરી હતી. સંત-હરિભક્તોના સુંદર સાથ સહકારથી ઉત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. છેલ્લે સૌને પંજાજીરીનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. મહંત સ્વામીએ સુંદર આયોજન કર્યું હતું. (કોઠારી મુકેશભાઈ)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર**

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગરના આગામી દશાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં થયેલ કાર્યક્રમો.

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના રાજીપાથી તથા સાં.યો. કમળાબાની પ્રેરણાથી તેમજ સાં. કોકિલાબા તથા ઉષાબાના સંકલ્પથી સુરેન્દ્રનગર મંદિરના દશાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં ૧૨૫ ગામોમાં સત્સંગ સભાના આયોજન પૈકી મૂળી દેશના તમામ ગામોમાં સત્સંગ સભામાં સર્વોપરિ શ્રીહરિની શુધ્ધ ઉપાસના, ધર્મકુળ

માહાત્મ્ય, તેમજ ગુરુમંત્રનો મહિમા આદિ વિષય પર બહેનોએ કથા વાર્તા દ્વારા સમજ પુરી પાડી હતી. બહેનોને સત્સંગ સભામાં અને નિત્યે મંદિર આવવા ટકોર કરી હતી.

૧૨૫ ઘેર શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરી હતી. મોટી સંખ્યામાં બહેનોએ લાભ લીધો હતો.

(સાં.યો. હિરાબા-ભક્તિમંડળ)

## વિદેશ સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રાજીપાથી શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શા. સ્વા. યજ્ઞપ્રકાશદાસજીની પ્રેરણાથી સત્સંગની સુંદર પ્રવૃત્તિ ચાલે છે.

અત્રે જલઝીલણી એકાદશી ઉત્સવ, શ્રાધ્ધ પક્ષમાં ઠાકોરજીને અવનવા થાળ હરિભક્તો દ્વારા થયા હતા. વાર્ષિક હેલ્થકેર આદિ થયા હતા.

અત્રે અમદાવાદથી ટુંકી યાત્રામાં પધારેલા આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પૂ. શા.પી.પી. સ્વામી (જેતલપુર) શનિવારની સત્સંગ સભામાં પધારી રૂડા આશીર્વાદ આપી સૌ ભક્તો ઉપર ખૂબજ રાજી થયા હતા. (વસંત ત્રિવેદી)

### પિયોરિયા (આઈ.એસ.એસ.ઓ.) અમેરિકા ચેપ્ટરમાં સત્સંગ સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અને સંતોની પ્રેરણાથી આપણા આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટર પિયોરિયા ખાતે દર રવિવારે સાંજના ૫-૦૦ થી ૮-૦૦ સુંદર સત્સંગ સભા થાય છે.

૨૫ થી ૨૭ સપ્ટેમ્બર દરમ્યાન લૂઈવીલથી ધર્મવલ્લભ સ્વામીના મંડળ દ્વારા કથાવાર્તા અને હરિભક્તોને ત્યાં મહાપૂજા કરી હતી. ૨૬ સપ્ટેમ્બર શનિવારના સાંજે ૫ થી ૮ સત્સંગ સભા યોજી હતી. જેમાં આજુબાજુના વિસ્તારમાંથી હરિભક્તોએ સભાનો લાભ લીધો હતો. આ રીતે ઘણા નાના નાના ચેપ્ટરોમાં નિષ્ઠાવાન હરિભક્તો મંડળ ચલાવે છે. ઘણા નવા મુમુક્ષુઓને સંતો શ્રી નરનારાયણદેવ, ધર્મકુળ મહિમા સમજાવી ઉપાસના દ્રઢ કરાવે છે.

૧૫ નવેમ્બરને રવિવારે અત્રે અન્નકૂટ સમૈયો રાખેલ છે. જેમાં સંતો પધારશે. (રમેશભાઈ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર પારસીપની (અમેરિકા)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર છપૈયાધામ પારસીપની ખાતે રવિવાર સપ્ટેમ્બરના વિકેન્ડ દરમ્યાન સાંજના શ્રાધ્ધ પક્ષમાં શા. સત્યસ્વરૂપ સ્વામીએ કથા વાર્તા અને હરિભક્તોએ ધૂન ભજન સાથે મળી કર્યા હતા. સ્વામીએ શ્રાધ્ધનું માહાત્મ્ય સમજાવ્યું હતું. અત્રે મંદિરના હોલમાં પ.ભ. પ્રહલાદભાઈના વેવાઈ શિકાગોના શ્રી જયંતીભાઈ પટેલના અક્ષરવાસ નિમિત્તે શોક સભા રાખવામાં આવી હતી. તમામ પધારેલા ભક્તોએ સંતો સાથે મહામંત્ર ધૂન કરી હતી. અહીં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી સત્સંગ પ્રવૃત્તિ સુંદર થાય છે. (પ્રવિણ શાહ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયામાં સ્નેહગીતા પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અત્રે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયામાં શનિવાર વિકેન્ડ સાંજના ૫-૦૦ થી ૮-૦૦ દરમ્યાન ભુજ કચ્છના અયોધ્યા મંદિરમાં સેવા કરતા મૂળજી ભગતે સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીકૃત સ્નેહ ગીતાની કથા સૌ ભક્તોને સંભળાવી હતી. ધૂન, ભજન કીર્તન સૌએ સાથે મળી કર્યા હતા. મૂળજી ભગતે સુંદર વિવેચન સાથે કથાનું શ્રવણ કરાવ્યું હતું. છેલ્લે સેવા કરનાર ભક્તોનું સન્માન કરી શ્રી હનુમાન ચાલીસા અને શ્રી જનમંગલ પાઠ સમૂહમાં કરી ઠાકોરજીને થાળ આરતી કર્યા હતા. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર પાટોત્સવ તિથિ જેઠ સુદ-૯ છે**

## શ્રી સ્વામિનારાયણ

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| ભાદરવા સુદ-૧ | અ.નિ.સ.ગુ. શા. સ્વામી કેશવપ્રસાદદાસજી (પાંચ પકવાન) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૨ | અંબિકા ટ્રેડીંગ કું. (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૨ | પ.ભ. જેસંગભાઈ હાલાભાઈ ચૌધરી (ચુરમાના લાડુ) | બાલવા |
| ભાદરવા સુદ-૪ | પ.ભ. વાસુદેવભાઈ ગજ્જર (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૪ | પ.ભ. પટેલ ગગજીભાઈ મગનભાઈ (ચુરમાના લાડુ) | દેઉપુરા |
| ભાદરવા સુદ-૪ | અ.નિ. સ.ગુ. સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી (ચુરમાના લાડુ) | ભુજ |
| ભાદરવા સુદ-૫ | અ.નિ.પ.ભ. ઘનશ્યામભાઈના સ્મરણાર્થે (મોહન થાળ) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૭ | પ.ભ. ચિરાયુ પ્રવિણભાઈ દેવાણી (ચુરમાના લાડુ) | |
| ભાદરવા સુદ-૭ | પ.ભ. દિપાબેન રમાબેન પટેલ (મગસ) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૮ | પ.ભ. રમેશભાઈ જે. રાધનપુરા (ડ્રાઈફ્રૂટ હલવો) | |
| ભાદરવા સુદ-૯ | અ.નિ.પ.ભ. વિદ્યાકુમારી જગદીશપ્રસાદ પાંડે (સાટા) | હવેલી) |
| ભાદરવા સુદ-૧૦ | રાબડીયા માનબાઈ રામજીભાઈ (ચુરમાના લાડુ) (બે રસોઈ) | ગોધરા-કચ્છ |
| ભાદરવા સુદ-૧૨ | ડૉ. મધુભાઈ (બાસુંદી પુરી - મૈસુબ) | |
| ભાદરવા સુદ-૧૨ | અ.નિ.પ.ભ. મોતીભાઈ ગોવાભાઈ ચૌધરી (ચુરમાના લાડુ) | બાલવા |
| ભાદરવા સુદ-૧૨ | સાંખ્યયોગી રાધાબેન કલ્યાણ (ચુરમાના લાડુ) | મેઘપર-કચ્છ |
| ભાદરવા સુદ-૧૩ | પ.ભ. પ્રવિણભાઈ ભોગીલાલ ભાવસાર (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૧૩ | પ.ભ. પૂજારાભાઈ (દૂધપાક પુરી) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૧૪ | પ.ભ. કેવલભાઈ દિપકભાઈ પટેલ (દૂધપાક પુરી) | |
| ભાદરવા વદ-૨ | મૂળ સંપ્રદાય સત્સંગ મંડળ (મોહન થાળ) | માલપુર |
| ભાદરવા વદ-૨ | પ.ભ. અમરતભાઈ કચરાભાઈ પટેલ (મોહન થાળ) | કલોલ |
| ભાદરવા વદ-૩ | પ.ભ. પટેલ અનુપભાઈ (દૂધપાક પુરી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૪ | પ.ભ. વિનુભાઈ શંભુભાઈ વરસાણી (મોતૈયા લાડુ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૪ | પ.ભ. વાસુદેવભાઈ ગજ્જર (દૂધપાક પુરી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૪ | પ.ભ. મનજી નાથા એન્ડ ફેમીલી (દૂધપાક પુરી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૫ | પ.ભ. સગર જગમાલભાઈ નવઘણભાઈ (ચુરમાના લાડુ) | વઘાડા |
| ભાદરવા વદ-૫ | પ.ભ. અ.નિ. અમરતબેન સવજીભાઈ ચૌધરી (ચુરમાના લાડુ) | જામસર |
| ભાદરવા વદ-૬ | અ.નિ.પ.ભ. ચંપાબેન ગંગારામભાઈ ડોકટર (ઘારી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૬ | પ.ભ. પૂનાભાઈ વેકરીયા (મોતૈયા લાડુ) | |
| ભાદરવા વદ-૭ | પ.ભ. માવજીભાઈ મોહનભાઈ ચાવડા (ટોપરા પાક) | બળોલ-ભાલ |
| ભાદરવા વદ-૭ | અ.નિ. કાંતાબેન નટવરલાલ પૂજારા (દૂધપાક માલપુવા) | અમદાવાદ |
| ભાદરવા વદ-૭ | અ.નિ. પ.ભ. હરિવદન પ્રહલાદભાઈ ભાવસાર (મોહન થાળ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૭ | પ.ભ. પટેલ હિરેનભાઈ નાથાભાઈ (મોતૈયા લાડુ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૭ | પ.ભ. પટેલ નરસીભાઈ મહાદેવભાઈ (મોહન થાળ) | પંઢરપુર |
| ભાદરવા વદ-૮ | પ.ભ. ઘનશ્યામભાઈ ગજ્જર (દૂધપાક પુરી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૮ | પ.ભ.અ.નિ. ઈન્દુમતીબેન તથા શ્રી રમણલાલ નારણદાસ (મોહન થાળ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૮ | અ.નિ. સ.ગુ.શ્રીનિવાસ સ્વામી (મોહન થાળ) | વડતાલ |
| ભાદરવા વદ-૯ | પ.ભ. જીવરાજભાઈ હિરપરા તેમના માતુશ્રીના નિમિત્તે (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૯ | અ.નિ.પ.ભ. વિનોદચંદ્ર આત્મારામ ભાવસાર (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૯ | અ.નિ.પ.ભ. તારાબેન પી. પરમાર (મૈસુબ) | મોટેરા |
| ભાદરવા વદ-૯ | અ.નિ.પ.ભ. પ્રિતેશ ભગત (મૈસુબ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૧૦ | પ.ભ. ઘનશ્યામભાઈ મુળચંદભાઈ ભાવસાર (મોહન થાળ) | |
| ભાદરવા વદ-૧૦ | ફુલ મંડળીના બહેનો (દૂધપાક પુરી) | હવેલી |
| ભાદરવા વદ-૧૦ | પ.ભ. સુનિતાબેન વાસુદેવભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૧૨ | પ.ભ. અજીતભાઈ ઈશ્વરલાલ ભાવસાર (ચુરમાના લાડુ) | |
| ભાદરવા વદ-૧૨ | પ.ભ. નારણભાઈ હરગોવનદાસ પટેલ (દૂધપાક-માલપુવા) | કલોલ |
| ભાદરવા વદ-૧૨ | પ.ભ.નાનજીભાઈ વિસરામ ગોરસીયા (ચુરમાના લાડુ) તેમના માતા-પિતાના નિમિત્તે | સુખપર-કચ્છ |
| ભાદરવા વદ-૧૩ | પ.ભ. બાળકૃષ્ણ પ્રભાશંકર રાવલ (દૂધપાક પુરી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૧૪ | પ.ભ. સતીષભાઈ કૃષ્ણલાલ (દૂધપાક પુરી) | |
| ભાદરવા વદ-૧૪ | અ.નિ.પ.ભ. હરિભાઈ માધાભાઈ કાબરીયા (મોહન થાળ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૧૪ | પ.ભ. પટેલ નરેશભાઈ સોમાભાઈ (મોહન થાળ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૧૪ | પ.ભ. રાજેન્દ્રભાઈ સોમચંદભાઈ પટેલ (મોહન થાળ) | રનેલા |
| ભાદરવા વદ-૧૪ | પ.ભ. મહેન્દ્રભાઈ અંબાલાલ પટેલ (ચુરમાના લાડુ) | કુંડાળ-કડી |
| ભાદરવા વદ-૧૪ | પ.ભ. પટેલ ધરમશીભાઈ નરસીભાઈ (દૂધપાક પુરી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૧૪ | પ.ભ. વરસાણી રામજી દેવસી (મોહન થાળ) | સામત્રા-કચ્છ |
| ભાદરવા વદ-૩૦ | પ.ભ. વાસુદેવભાઈ નાનજીભાઈ મીસ્ત્રી (ડ્રાઈફ્રૂટ હલવો) | હિરાપુરા |
| ભાદરવા વદ-૩૦ | પ.ભ. ડૉ. ગંગારામભાઈ પટેલ (મૈસુબ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૩૦ | અ.નિ.પ.ભ. ઓચ્છવલાલ ભૂલાભાઈ કાછીયા | બાલાસિનોર |

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૧૧૦૧/- કાચા લક્ષ્મણભાઈ, રમણીકભાઈ, ચંદુભાઈ, કાચા ટેલર્સ લેસ્ટર
વિનોદભાઈ, પ્રકાશભાઈ આર., પ્રકાશભાઈ એમ. કપીલભાઈ,
સુરજ, કુલદિપ, કર્નલ, પૃથ્વીરાજ અને સહજ
શ્રીહરિ ધર્મકુળ પ્રસન્નાર્થે

૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ ધૂળકોટ-નાઈરોબી
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે

૫૫૫/- પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અર્થે ઈસ્ટ લંડન
ભૂડીયા કાંતિલાલ કેસરા

૫૫૫/- પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના રાજીપા ઈસ્ટ લંડન
અર્થે અ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા

૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ
માસિક પુણ્ય તિથિ નિમિત્તે દહેગામ

૧૦૧/- અ.નિ. રૂપારેલીયા આકાશભાઈ ધનશ્યામભાઈ સુરત
માસિક પુણ્ય તિથિ નિમિત્તે

૧૦૦/- અ.નિ. અશ્વિનભાઈ ધીરૂભાઈ જાંબુડાવાળા
ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે

૧૦૦/- પટેલ તુલસીબેન ધર્મકુળ અને કચ્છ ઈસ્ટ લંડન
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે

૧૦૧/- અ.નિ. કમળાબેન રામભાઈ પટેલ મોખાસણવાળા
પુણ્ય તિથિ નિમિત્તે

૧૦૧/- દરજી રમણીકલાલ કાનજી શ્રીજી પ્રસન્નાર્થે માધાપર-કચ્છ
૧૦૦/- પટેલ આનલ જય જન્મ દિને અમદાવાદ
૧૦૦/- સોલંકી ત્રિશા ઉમેશ જન્મ દિને અમદાવાદ
૨૦૧/- પટેલ રંજનબેન વિક્રમભાઈ ઉનાવા
ચિ. નિકસ જીગરભાઈ પટેલ જન્મ દિને

૫૦૦/- પટેલ સંગીતાબેન વિજયકુમાર જન્મ દિને યુકે.
૧૦૦/- પટેલ ગાંડાભાઈ ઈશ્વરદાસ ગોવિંદપુરાવેડા
ચિ. ભાણેજ મનુભાઈના સ્મરણાર્થે

૫૦૦/- પટેલ નિશાંત મંગળભાઈ ડાંગરવા
ચિ. યજ્ઞના જન્મ દિને તા. ૨૨-૯

૧૦૦/- મોદી અમરતલાલ મગનલાલ અમદાવાદ
જલઝીલણી એકાદશી નિમિત્તે

૧૦૦/- પટેલ હિરાબેન સુધીરભાઈ જન્મ દિને ચલોડા
૧૧૧/- પટેલ અજયભાઈ ઘનશ્યામભાઈ જન્મ દિને વડુ
૧૦૦/- અ.નિ. ચૌધરી મોતીજી ગોવાજીના સ્મરણાર્થે બાલવા
૧૦૦/- અ.નિ. પટેલ સોમાભાઈ માધવદાસના સ્મરણાર્થે મોખાસણ
૧૦૦/- અ.નિ. પટેલ સીતાબેન સોમાભાઈના સ્મરણાર્થે મોખાસણ
૧૦૦/- અ.નિ. પટેલ સવિતાબેન નવિનચંદ્રના સ્મરણાર્થે મોખાસણ
૧૦૧/- અ.નિ. વોરા પાંચાભાઈ દેવસીભાઈના સ્મરણાર્થે અમદાવાદ
૧૦૦/- પટેલ પ્રદિપ મુકેશભાઈ જોબમાં ત્રણ વર્ષ નિમિત્તે ભગવાનપુરા
૧૦૦/- પટેલ ફાલ્ગુનીબેન મુકેશભાઈ જન્મ દિને ભગવાનપુરા
૧૦૦/- ચાવડા ભીખાજી મફાજી શ્રીજી પ્રસન્નાર્થે બિલોદરા
૧૦૦/- ચાવડા રણજીતસિંહ અમુજી શ્રીજી પ્રસન્નાર્થે બિલોદરા
૧૦૧/- પટેલ દમયંતીબેન કનુભાઈ શ્રાધ્ધ નિમિત્તે ઈશનપુર
૧૦૧/- મોદી અપેક્ષા કલ્પેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે નવા નરોડા
૧૦૦/- પટેલ કાંતિભાઈ ભુરાભાઈ ચિ. ચિરાગના ચાંદલા નિમિત્તે મેડા
૧૦૦/- પટેલ ધ્યેય ભાવેશભાઈ જન્મ પ્રસંગે ભાઉપુરા
૨૦૧/- ચોટલીયા ભાવિન દયાળજીભાઈ પુત્ર જન્મ પ્રસંગે નવસારી
૧૦૦/- પટેલ યુગ કલ્પિતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગોઠીબ
૧૦૧/- એકસીસ વ્હાઈડ ઈન્ટરનેશનલ બિજનેશ નિમિત્તે પોર
૧૦૦/- પટેલ કાંતાબેન બાબુલાલ શ્રીજી પ્રસન્નાર્થે રાજપુર
૧૦૦/- પટેલ જીનલકુમાર રાજેશકુમાર ગાંધીનગર
ડીગ્રી અભ્યાસ પુરો કર્યો તે નિમિત્તે

૧૦૦/- વાઘેલા મહેન્દ્રસિંહ ભાઉભા શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૦/- વાઘેલા મનહરબા મહેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૫૧/- પટેલ તેજેન્દ્રકુમાર મંગળદાસ ચિ. પ્રાચીના જન્મ દિને વિહાર
૧૦૦/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૦/- ડાભી ઘનશ્યામસિંહ રજુજી ડાંગરવા
નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે

૧૦૧/- શુકલ ભરતકુમાર રમણલાલ પ્રાંતીજ
નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે

૧૦૦/- ચૌહાણ આયુષસિંહ વજેસિંહ પુણ્ય તિથિ નિમિત્તે ટાંકીયા
૧૦૦/- મોરી વસુભાઈ કમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૦/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૧/- પટેલ પ્રથમ મૌલિકકુમાર જન્મ દિને અસલાલી
૧૦૦/- પટેલ પ્રીતિબેન જસુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે લવારપુર
૧૦૦/- મોરી અશોકભાઈ કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે લવારપુર
૨૫૧/- ભટ્ટ કાર્તિક નરેન્દ્રભાઈ નોકરી મળી તે નિમિત્તે વેજલપુર
૫૦૦/- પટેલ અરવિંદભાઈ ત્રિકમદાસ કરજીસણ
તેમના માતાપિતાના શ્રાધ્ધ નિમિત્તે

૧૦૦/- પટેલ રૂચિકકુમાર કૌશિકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મારૂસણા
૧૦૦/- પટેલ દેવ સતિષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મારૂસણા
૨૫૧/- પટેલ ઘનશ્યામભાઈ ડાહ્યાભાઈ અમદાવાદ
ચિ. કુંજનને જોબ નિમિત્તે

૨૫૧/- પટેલ ઘનશ્યામભાઈ ડાહ્યાભાઈ અમદાવાદ
ચિ. મુંજાલને એન્જી.માં એડમીશન નિમિત્તે

૧૦૦/- પટેલ રાજુભાઈ રાવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ખેરોલ
૧૦૦/- પટેલ અંશ જીતેન્દ્રકુમાર જન્મ દિને વક્તાપુર
૧૦૦/- પટેલ ઉમેશભાઈ ધૂળાભાઈ જન્મ દિને સાપાવાડા
૨૦૦/- પટેલ વિમળાબેન અશોકભાઈ ધનસુરા
નવિનભાઈએ નવું મકાન લીધું તે નિમિત્તે

૧૦૧/- જસ્વાલ પ્રોમીશકુમાર સંજયભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૧૦૧/- પટેલ નયનાબેન વિષ્ણુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૦/- કાલાણી વાલજીભાઈ કે. શ્રીજી પ્રસન્નાર્થે દહેગામ
૧૦૧/- પટેલ દેવર્ષકુમાર યાજ્ઞિકભાઈ જન્મ દિને ધનસુરા
૧૦૦/- પટેલ તેજેન્દ્રભાઈ પરસોતમભાઈ ચિ. મીરાના જન્મ દિને કડી
૧૫૦/- પટેલ સેંધાભાઈ બબલદાસ ચિ. નક્ષના જન્મ દિને કુંડાલ
૧૦૧/- પટેલ નંદુબેન ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૨૫૧/- પટેલ રમણભાઈ કિશોરદાસ કરજીસણ
તેમના બા-બાપુજીના શ્રાધ્ધ નિમિત્તે

૧૦૧/- રાણા નિર્મળસિંહ જગતસિંહ જન્મ દિને ધરમપુર
૧૦૧/- રાણા કોમલબેન જગતસિંહ જન્મ દિને ધરમપુર
૧૦૦/- પટેલ દેવ અનીલકુમાર એન. જન્મ દિને ગુલાબપુરાવાળા
૧૦૦/- સગર શાંતિબેન હરભમભાના સ્મરણાર્થે રામપરા
૧૦૧/- મહેતા બિપીનચંદ્ર ડાહ્યાલાલ શ્રીજી પ્રસન્નાર્થે બાવળા
૧૦૦૦/- પટેલ અમથીબેન કાનદાસ શ્રીજી પ્રસન્નાર્થે ડાંગરવા
૧૦૦/- પટેલ મધુબેન કાંતિભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડાંગરવા

૫૦૧/- પટેલ દિનેશભાઈ રમણભાઈ - પટેલ મેહુલભાઈ રમણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — વાવોલ
૫૦૦/- પટેલ વિષ્ણુભાઈ ચિ. જેકસન અને સિગ્માને વિઝા નિમિત્તે — વડુવાળા
૫૦૧/- પટેલ રિન્કેશ-રિધ્ધિ - પટેલ બિપીનભાઈ નારણભાઈની ૧૧ મી પુણ્ય તિથિ નિમિત્તે — ઉનાવા
૧૦૦/- કા. વિમલભાઈ નારણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ધનસુરા
૧૦૦/- પટેલ કૈલાશબેન ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ધનસુરા
૧૦૦/- ચાવડા ગોવિંદભાઈ જેશંગભાઈ ચિ. સહદેવના જન્મ દિને — બળોલ
૧૦૦/- ભાવસાર ઉર્વેશ દિનેશચંદ્ર ચિ. ધનવીના પ્રથમ જન્મ દિને — અમદાવાદ
૧૦૦/- પટેલ વીણાબેન જગદીશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બાયડ
૧૦૦/- પટેલ વિનોદકુમાર કેશવલાલ પૌત્રી પ્રાહીના જન્મ પ્રસંગે — ગાંધીનગર
૧૦૧/- જરીવાલા છોટાલાલ રણછોડદાસ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — સુરત
૫૦૦/- એક હરિભક્ત તરફથી શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૧/- પટેલ સંગીતા એમ. જન્મ દિને — અમદાવાદ
૧૦૧/- વરૂ જહાન્વી હરિકૃષ્ણભાઈ જન્મ દિને — જીરાગઢ
૧૦૦/- કા. રિકેશ હર્ષદભાઈ ચિ. માહીના જન્મ દિને — અમદાવાદ
૧૦૧/- અ.નિ. પટેલ ચંદુલાલ ચતુરદાસ શ્રીજી પ્રસન્નાર્થે — વાગોસણા
૧૫૧/- પટેલ મહેન્દ્રભાઈ નાથાલાલ શ્રીજી પ્રસન્નાર્થે — વાગોસણા
૩૦૦/- રાવલ જી. આર. શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૦/- દરજી મનોજ શ્રીજી પ્રસન્નાર્થે — નરોડા
૧૫૦/- જોશી વત્સલકુમાર નિતીનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — કોઠંબા
૧૦૦/- પટેલ સૃષ્ટિ રાહુલકુમાર જન્મ દિને — ડેમાઈ
૧૦૦/- પટેલ રાહુલકુમાર બી. શ્રીજી પ્રસન્નાર્થે — ડેમાઈ
૧૦૦/- પટેલ તૃષાબેન સતીષભાઈ જન્મ દિને — સોજા
૧૦૦/- પટેલ દેવર્ષ કલ્પેશભાઈ માધવલાલ જન્મ દિને — ચડાસણા
૧૦૦/- પટેલ દર્શનાબેન કલ્પેશભાઈ ટુવ્હીલર ડ્રાઈવીંગ નિમિત્તે — ચડાસણા
૧૦૦/- પટેલ શ્લોક મિહીરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — લવારપુર
૩૦૦/- એક હરિભક્ત તરફથી શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૧/- રાદડીયા જીજ્ઞેશભાઈ દિનેશભાઈ જોબ ટ્રાન્સફર નિમિત્તે — અમદાવાદ
૧૦૦/- અ.નિ. ભાવસાર મિતેષ અરવિંદભાઈના સ્મરણાર્થે — અમદાવાદ
૧૦૦/- પટેલ સુનીલભાઈ કેશવલાલ જન્મ દિને — અલ્વાકંપા
૧૦૦/- પટેલ કોકીલાબેન સુનીલભાઈ જન્મ દિને — અલ્વાકંપા
૧૦૦/- પટેલ ઉન્નત ચંદ્રેશકુમાર જન્મ દિને — આકરૂંદ
૧૦૦/- ચાવડા હિતેષ રણછોડભાઈ ચિ. અવધીના જન્મ પ્રસંગે — ડુમાણા
૧૦૦/- પંડ્યા પ્રફુલભાઈ મુકુન્દલાલ શ્રીજી પ્રસન્નાર્થે — વડોદરા
૧૦૦/- પટેલ ભાવિકભાઈ ગોકુળભાઈ નવી ફોરવીલ ગાડી નિમિત્તે — અમદાવાદ
૨૦૦/- પટેલ ગોકુળભાઈ રાવજીભાઈ તેમના માતા-પિતાના શ્રાધ્ધ નિમિત્તે — અમદાવાદ
૧૫૧/- ધાનાણી સુનિલભાઈ રાજેશભાઈ નિકોલમાં ફલેટ લીધો તે નિમિત્તે — અમરેલી
૫૦૦/- અ.નિ. ગાંધી પ્રવિણચંદ્ર રતીલાલના સ્મરણાર્થે — અમદાવાદ
૧૦૦/- પટેલ તત્વમકુમાર હાર્દિકકુમાર જન્મ દિને — સાબલવાડ
૧૦૦/- પટેલ ભરતભાઈ જીવરાજભાઈ ચંદ્રિકાબેનના જન્મ દિને — વિરમગામ
૧૦૦/- પટેલ હેતલબેન વિરલકુમાર નવા મકાનના વાસ્તુ પ્રસંગે — ઓસ્ટ્રેલીયા
૧૦૦/- પટેલ હેતવી અક્ષયકુમાર જન્મ દિને — પડુસ્મા
૧૦૦/- કા. મિલન આકાશ તા. ૩૦-૧૦ જન્મ દિને — બાલાસિનોર
૧૦૦/- પારેખ ધવલ આર્યલેન્ડ પ્રવાસ નિમિત્તે — મોડાસા
૧૦૧/- પટેલ મિનલ હિમાંશુભાઈ જન્મ દિને — લવારપુર
૧૦૧/- પટેલ ઘનશ્યામભાઈ ચંદુલાલ જન્મ દિને — લવારપુર
૧૦૦/- પટેલ દિપકભાઈ વિઠ્ઠલભાઈ ચિ. આસ્થાના જન્મ દિને — સાયલા
૨૧૦/- પટેલ અમિત - નિલયના લગ્ન પ્રસંગે — કુકરવાડા
૧૦૧/- પટેલ રંજનબેન માણેકલાલ જન્મ દિને — અમદાવાદ



## નૂતન વર્ષના કેલેન્ડર છપાવવા માટે (સૌજન્ય નામ)

સન ૨૦૧૬ ના વર્ષના સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજ અને શ્રીનરનારાયણદેવના અલૌકિક કેલેન્ડરમાં પોતાના ધંધા-ઉદ્યોગનું કેલેન્ડરમાં નામ છાપવા માટે નીચેના મોબાઈલ નંબર ઉપર આપના સ્થાનિક યુવક મંડળનો સંપર્ક કરવો. ઓછામાં ઓછા ૨૫૦ નંગ કેલેન્ડર છપાશે. કિંમત ૧ નંગ રૂા. ૧૦/- મોબાઈલ નં. ૯૮૨૪૦૩૩૧૭૫, ૯૯૨૫૦૦૭૬૬૨, ૯૬૬૨૦૨૧૮૨૯, ૯૭૨૫૪૪૯૨૮૮

**શ્રી સ્વામિનારાયણ માસિકના કામ અંગે નીચેના ફોન ઉપર સંપર્ક કરવો**
**મોબાઈલ નં. : ૯૦૯૯૦૯૮૯૬૯**
**સમય : સવારે ૮-૦૦ થી ૫-૦૦**
**(આ મોબાઈલ સિવાય અન્ય ફોન-મોબાઈલ કરવા નહીં.)**

**ફરાળી લોટ**
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ધર્મશાળા ઓફિસમાં ફરાળી લોટ મળે છે.

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**
**shreeswaminarayan9@gmail.com**

**મોબાઈલથી પાડેલા ફોટા છપાશે નહિ**

### અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**અમદાવાદ :** પ.ભ. વોરા પાંચાભાઈ દેવસીભાઈ (ઉ. ૫૩ વર્ષ) તા. ૪-૯-૨૦૧૫ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** પ.ભ. પ્રવિણચંદ્ર રસિકલાલ ગાંધી તા. ૨૨-૯-૨૦૧૫ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**પીજ :** અમેરિકા આટલાન્ટા આપણા મંદિરના પ્રેસિ. શ્રી દક્ષેશ પટેલના કાકી શ્રીમતી ગીતાબેન (કરૂણાબેન) તા. ૨૫-૯-૨૦૧૫ના રોજ શ્રીહરિનું અખંડ ભજન કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** પ.ભ. માયાણી વલ્લભભાઈ શંભુભાઈ (સરંભડાવાળા - અમદાવાદ કાલુપુર મંદિરમાં ભંડારમાં નિષ્કામભાવે સેવા કરતા) તા. ૩૦-૯-૨૦૧૫ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

# વજીબાના પ્રસાદીના ઘેર સ્મૃતિરૂપ હરિમંદિર



કમલેશભાઈ પટેલ - સહયોગ : ગોરધનભાઈ વી. સીતાપરા

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન વિજાપુરમાં અનેક વખત પધાર્યા છે. અનેક દિવ્ય ચરિત્રો કર્યા છે. તેથી વિજાપુરની ભૂમિ મહાન તીર્થરૂપ બની છે. વિજાપુરમાં મુક્તાત્મા વજીબા રહેતા હતા. જેમના ઘરની શ્રીહરિના ચરણોથી અંકિત થયેલી પ્રસાદીભૂત ભૂમિ પર જ્યારે આજે શ્રી નરનારાયણદેવના તાબાનું હરિમંદિર નિર્માણ પામ્યું છે ત્યારે પ્રથમ આ ભૂમિ પર શ્રીહરિએ કરેલું દિવ્ય ચરિત્ર ખૂબજ સંક્ષિપ્તમાં આલેખન કરું છું.

વિસનગરમાં એક દેસાઈની અટકનો લાલજી નામે નાગર સરકાર તરફથી સુબો મુકવામાં આવેલ, જે મહા દુષ્ટ તથા સત્સંગીઓનો મહાદ્વેષી હતો. તેથી વડનગર, વિસનગર, કલોલ, વિજાપુર, કડી, પાટણ, સિધ્ધપુર, મહેસાણા, ખેરાળુ ગાયકવાડી રાજ્યના મહાલોના બધા ગામોમાં રહેતા લાખો હરિભક્તોને ઘણું દુ:ખ દેતો હતો. તેમજ વડોદરાનો દિવાન જે પણ સત્સંગનો દ્વેષી હતો તેની સલાહથી આ સુબો શ્રીહરિના સંતોને પણ આ પ્રદેશમાંથી તિરસ્કાર કરી કાઢી મુકાવતો હતો.

આ સુબાના બહેન ઉદયકુંવરબા તથા ભાણેજ બળદેવ તે બન્ને સારા સત્સંગી હતા અને સત્સંગનો ખૂબ સારો પક્ષ રાખતા. આ સુબો એક વાર વિજાપુરના વજીબા જે સથવારા જ્ઞાતિના હરિભક્ત શિરોમણી મહામુક્ત હતા. તેમના ઘર આગળ નવ ધરીયા ફળિયામાં આવી પહોંચ્યો. વજીબાને બોલાવીને કહ્યું કે તુ પ્રથમ બાવા, વૈરાગી વગેરેને માનતી અને સદાવ્રત આપતી હતી, તે બધું મૂકી દઈને સ્વામિનારાયણની સત્સંગી કેમ થઈ છે ? બાઈ બોલ્યા કે આ કળિકાળમાં બાવા, વૈરાગી, અતીત, તીર્થવાસી એ સર્વે ઢોંગી, વ્યસની, પાખંડી, પેટભરા તથા કામી, ક્રોધી, લોભી હોય છે. અને સ્વામિનારાયણ તો પોતે સાક્ષાત્ ભગવાન છે. તેમજ તેમના સાધુ નારદ, શુકદેવ તથા સનકાદિકના જેવા છે. માટે સુબાજી તમે પણ સત્સંગી થાઓ. સુબાને તો શ્રીહરિનો પ્રતાપ ઈન્દ્રજાળ, વીરવિદ્યા અને જાદુરૂપ લાગતો. તેમને તો શ્રીહરિને કેદ કરવાનો અભરખો હતો એટલે એલફેલ બોલીને કહે, બાઈ ! તારા સ્વામિનારાયણ સાચા હોય તો તારા ઘર સામે પીપળો છે અને તેની પાસે કૂવો અને કૂવાની પાછળ તુલસી ક્યારો છે. તે પીપળાના વૃક્ષને ખસેડી તુલસી ક્યારાના ઓટલાને અડાડે અને કૂવો એક બાજુએ કરી તુલસી ક્યારાની તથા પીપળાની પ્રદક્ષિણા કરી શકાય, એમ કરે તો તારી વાત ખરી માનું. વજીબા કહે, એ ભગવાન તો અતિ સમર્થ છે. કદાપિ એ પ્રમાણે કરશે તો પણ તમે તો જમનો માર ખાધા વિના નહિ માનો ! સુબો કે, ભલે માર ખાઈશું પણ જમ તો નજરે જોઈશું ! એમ કહી ત્યાંથી ચાલ્યો ગયો.

શ્રીહરિ એક સમયે ગઢડાથી નીકળી ત્રણ ચાર દિવસે સંધ્યાકાળે વિજાપુર આવી પહોંચ્યા. શ્રીહરિએ વૈરાગી જેવો વેશ ધારણ કરીને વજીબાના ઘરની ઓસરીમાં આવીને તેની પરીક્ષા કરવા માટે 'જે દ્વારકાધીશ' કહીને બેઠા. સાથે મુકુંદ બ્રહ્મચારી હતા તેમણે પણ વૈરાગીરૂપે રહેલા શ્રીહરિના શિષ્ય બાવાનું રૂપ ધારણ કર્યું હતું. વજીબા નિત્ય સવારમાં પૂજા કરીને મહાપ્રભુને ધરાવવા માટે મગસના લાડુ તૈયાર રાખતા. સંવાદ ખૂબ લાંબો ચાલ્યો. વજીબા પાકા હરિભક્ત હતા. તેથી વૈરાગીથી હાર પામે તેમ નહોતા. પરંતુ સામા પક્ષે વૈરાગીરૂપે રહેલા શ્રીહરિ પણ બહુ ચમત્કારી હોવાથી અંતે શ્રીહરિની જીત થઈ અને પોતાની સાથે રહેલા બ્રહ્મચારીને ભૂખ લાગી હોવાથી વજીબા પાસેથી લાડુનો થાળ કઢાવવામાં સફળ રહ્યા. તેટલું જ નહિ. પરંતુ સૂવા માટે નવા ગોદડા સહિત પલંગ કઢાવવામાં પણ સફળ રહ્યા. વજીબા ઘરમાં જઈ કમાડ વાસીને સૂતા.

મધ્યરાત્રિ થવા આવી ત્યારે આ અજાણ્યો પુરુષ સુતો છે કે શું કરે છે તે જોવા માટે વજીબા ઘરમાંથી બહાર નીકળ્યા એ વખતે શ્રીહરિએ પોતાના બંને હાથ પાંચ પાંચ વાંભ જેટલા લાંબા કરી વજીબાને બતાવ્યા. તેથી વજીબા ભય પામીને એકદમ ઘરમાં પેસી ગયા અને પોતાના

ઈષ્ટદેવ શ્રીહરિને સંભારવા લાગ્યા. પછી થોડા સમય બાદ વળી પાછા કુતુહલતાથી તે મહાત્માને જોવા માટે વજીબા બારણું ખોલી બહાર આવ્યા. અને જોયું તો એ વખતે શ્રીહરિ સૂતા હતા. પરંતુ અગાઉ લાંબા કર્યા હતા તેનાથી પણ બમણા લાંબા હાથ હતા. હાથને વચ્ચેથી વાંકા વાળેલા હતા. તથા ઘરથી સત્તર ધનુષ્ય (૧ ધનુષ્ય = ૪ હાથ) જેટલે દૂર ખૂબ ઊંચુ જે પીપળાનું વૃક્ષ હતું તે વૃક્ષની ઊંચી ડાળીઓ સુધી પોતાના પગ લંબાવીને ડાળીઓ સાથે ટેકાવ્યા હતા. વજીબા વિચારવા લાગ્યા કે આ તે કોઈ ભૂત પ્રેત હશે કે શું ? પરંતુ ના ! ભૂતની આકૃતિ તો વિકૃત અને બિહામણી હોય અને આ તો વિરૂપ નથી, અંધારામાં પણ તેજસ્વી કાંતિથી દેદીપ્યમાન લાગે છે. જે હશે તે સવારે ખબર પડશે એમ વિચારી ઘર બંધ કરી પાછા સૂઈ ગયા.

શ્રીહરિએ તો ચરણ ચાંપી પીપળો ચલાવીયો રે લોલ...... એ પંક્તિ મુજબ પીપળાને ઠેલીને પાંચ હાથ છેટે ખસેડી મૂક્યો અને તુલસી ક્યારાના ઓટલા સાથે તેને અડાડી દીધો અને વચ્ચે મોટો કૂવો હતો તે સંકલ્પ વડે ખસેડીને એક બાજુએ મૂકી દીધો. તેથી લોકો તુલસીની અને પીપળાની પ્રદક્ષિણા સુખેથી ફરી શકે એવું થયું. વહેલી સવારે મહારાજ તથા બ્રહ્મચારી બન્ને જણ કોઈ ન જાણે તેમ ઉઠીને ત્યાંથી વિસનગર ચાલ્યા ગયા. ઉદયકુંવરબાને ત્યાં મેડી ઉપર મુકામ કર્યો. બળદેવ દ્વારા લાલજી સુબાને જાણ કરાવી. સુબાએ જમાદાર મારફતે આરબોની બેરખ મોકલી. આરબોને સમાધિ થવાથી તુરત જ શ્રીહરિને ખુદા રૂપે ઓળખી લીધા. તેથી સુબાને જ મારવા તૈયાર થયા. પરંતુ શ્રીહરિનું વચન માનીને આરબોએ તે સુબાને માર્યો નહિ.

શ્રીહરિ સુબા પાસે આવીને પ્રથમ તેને હિત વચનો કહ્યા. પરંતુ સુબો નાસ્તિક હોવાથી પાપ, પુણ્ય, જમપુરી તથા પરમેશ્વર એ બધુ કલ્પિત માનતો તેથી શ્રીહરિની ઈચ્છાથી તે જ ક્ષણમાં તેનો જીવ સૂક્ષ્મ દેહ સાથે જમપુરીમાં ગયો અને ત્યાં ચૌદ કોટી જમ દ્વારા ખૂબ માર ખાધો. તેથી પંચ તત્વના સ્થૂળ શરીરની એકતા વડે ખૂબ ચીસો પાડી.

બે ઘડી પછી શ્રીહરિએ કૃપા કરી તેથી શ્રીહરિ સન્મુખ જોવા સમર્થ થયો તો ફરી સમાધિમાં પોતાની સન્મુખ મનુષ્યરૂપે બેઠેલા શ્રીહરિને અક્ષરધામમાં અમૂલ્ય સિંહાસન ઉપર દિવ્યરૂપે વિરાજમાન થયેલા દીઠા. તેથી સુબાને શ્રીહરિ સાક્ષાત્ ભગવાન છે એવો પાકો નિશ્ચય થયો અને તેથી ઉત્તમ સત્સંગી થયો.

વજીબાએ સવારે ઉઠીને જોયું તો ખ્યાલ આવ્યો કે વૈરાગીના રૂપમાં શ્રીહરિ મારા ઘેર પધારીને આ ચમત્કાર કરીને જતા રહ્યા !

હાલ સુધી આ દિવ્ય પ્રસાદીની ભૂમિ પર સ્મૃતિરૂપે શ્રીહરિના ચરણારવિંદ પધરાવેલા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - હીરાવાડીના સભ્યો આ પ્રસાદીની ભૂમિના સર્વે કરવાના હેતુથી દર્શન કરવા ગયા. ગાંધીનગર મંદિરના મહંત પૂ. પી.પી. સ્વામીના સૂચન અને પ.પૂ. મહારાજશ્રીના માર્ગદર્શનથી યુવક મંડળના સભ્યો ત્યાંના સ્થાનિક હરિભક્તોને મળ્યા અને મંદિર માટે વિચારણા કરી. આજુબાજુના ગામડામાંથી નોકરી-ધંધાર્થે વિજાપુરમાં આવતા હરિભક્તોનો પણ સંપર્ક કર્યો. સર્વે હરિભક્તોએ ખૂબ ઉત્સાહ બતાવ્યો અને રાજી થયા. એક જ અઠવાડિયામાં સર્વે હરિભક્તોએ ભેગા મળીને પ્રસાદીની આ ભૂમિને સાફ સુફી કરી સ્વચ્છ કરી દીધી. પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પણ આ ભૂમિના દર્શન કરવા પધાર્યા એટલે તેઓશ્રીએ પણ પ.પૂ. મહારાજશ્રીને યાદ કરાવ્યું. પ.પૂ. મહારાજશ્રીના સાનિધ્યમાં, પૂ. પી.પી. સ્વામીના સભા સંચાલકપદે સભા થઈ. હરિભક્તોએ ખૂબ ઉદારતાથી મંદિર માટે ફાળો લખાવ્યો. એટલું જ નહિ સ્થાનિક હરિભક્તો તન, મન, ધનથી મંદિર નિર્માણમાં જોડાયા. દસ્તાવેજ વગેરે કોર્ટ કચેરી તેમજ નગરપાલિકાનું કામ પણ ખૂબ ખંતથી પુરુ કર્યું. પૂ. પી.પી. સ્વામીના માર્ગદર્શન મુજબ ૨ વર્ષના ટૂંકા ગાળામાં નવ્ય ભવ્ય સ્મૃતિરૂપ હરિ મંદિર નિર્માણ પામ્યું.

પ.પૂ. મહારાજશ્રીએ શ્રીહરિની પ્રાણ પ્રતિષ્ઠા કરીને આજુ બાજુના ગામડાના લોકોને પણ અહીં દર પૂનમે દર્શન કરવા આવવાનો અનુરોધ કર્યો. પૂ.પી.પી. સ્વામીના મંડળના સંતો દર પૂનમે અહીં આવીને હરિભક્તોને સત્સંગનો લાભ આપે છે. ગુરુ પૂર્ણિમાના દિવસે બાપુનગરના પ.ભ. શ્રી જયંતિભાઈ સુતરીયા દ્વારા કીર્તન ભક્તિ, કથાવાર્તા થઈ હતી. હરિભક્તોએ પ.પૂ. મહારાજશ્રીની પ્રતિમાનું પૂજન કર્યુ હતું. નિયમપૂર્વક પૂનમે દર્શન કરનાર બહારગામના હરિભક્તોને અહીં દિવ્ય અનુભૂતિ થાય છે તેમજ તેઓના શુભ મનોરથો પણ પરિપૂર્ણ થાય છે. દરેક પ્રસાદીના સ્થાનકોનો આ પ્રમાણે વિકાસ થાય એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના..



















૧. આપણા ડીટ્રોઈટ મંદિરમાં જન્માષ્ટમી ઉત્સવ. ૨.અંજલી મંદિરમાં કોઠાર ઓફિસનું ઉદ્‌ઘાટન કરતા પ.પૂ. મહારાજશ્રી ૩. અમેરિકામાં આઈ.એસ.એસ.ઓ.ના નવા ચેપ્ટર દરહામમાં સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૪. લીમડામુવાડી ગામે નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા વિધિ કરતા તથા સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા સભામાં પૂ.પી.પી.સ્વામી આદિ સંતો. ૫. નારણઘાટ મંદિરમાં શરદપૂનમના ઠાકોરજીની આરતી ઉતારતા અમદાવાદ તથા નારણઘાટ મંદિરના મહંત સ્વામી. ૬. કાર્ડિફમાં રહેતા આપણા પરમ ભક્ત નારણભાઈ પ્રિન્સ વિલીયમ્સ (પ્રિન્સ ચાર્લસના સૌથી મોટા પુત્ર)સાથે તાજપોશી સમયે.

Registered under RNI-GUJ Guj /2007/20221 "Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. - 003/15-17 issued ssp Ahd Valid up to 31-12-2017 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/2015 valid up to 31-12-2017









૧. આપણા આઈ.એસ.એસ.ઓ. કેનેડાના નૂતન મંદિર એડમીન્ટનમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી અને દર્શનનો લાભ લેતા હરિભક્તો. ૨. શિકાગો મંદિરમાં સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી સાથે પૂ.પી.પી. સ્વામી (જેતલપુર)પૂજારી શાંતિ સ્વામી તથા શાસ્ત્રી યજ્ઞપ્રકાશ સ્વામી. ૩. ચરાડવામાં પ.પૂ.મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા પ.પૂ. મહારાજશ્રીના આશીર્વાદ મેળવતા યજમાન પરિવાર.


# ઘેર બેઠા સત્સંગ લાભ

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં બિરાજતા દેવોના નિત્ય દર્શન તથા પૂ.આચાર્ય મહારાજશ્રીના સત્સંગ વિચરણના ફોટા - વિડીયો - પ્રવચનો WhatsApp દ્વારા ઘેર બેઠા મેળવવા માટે

**+91 90990 95200** નંબર આપના મોબાઈલમાં સેવ કરી મીસકોલ કરશો.

નોંધઃ- નંબર સેવ કર્યા વગર દર્શન થશે નહીં ● જે નંબરમાં આ નંબર સેવ કરેલ હશે તેમાજ દર્શન થશે.

શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગરમાં **દશાબ્દી મહોત્સવ** તા. ૨૨ થી ૨૭ નવેમ્બર ૨૦૧૫

શ્રી સ્વામિનારાયણ મંદિર અલ્હાબાદમાં **મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ** તા. ૨૬ થી ૩૦ નવેમ્બર ૨૦૧૫

શ્રી સ્વામિનારાયણ મંદિર કાનપુરમાં **મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ** તા. ૨૯ નવે.થી ૧ ડીસેમ્બર ૨૦૧૫


Praful Kharsani